અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

06 NOVEMBER-2025 THURSDAY | Vol. : 17 | Issue : 125 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  બિહાર વિધાનસભા ચૂંટણી, આજે પ્રથમ તબક્કાનું મતદાન, 121 બેઠકો પર 1314 ઉમેદવારો મેદાનમાં...

4  નારાયણ નું નામ જ લેતાં! નરસિંહ ની એ રચના નાં સુક્ષ્મ અર્થનું ચિંતન કરીએ....

6  'તમે વિજયના માલિક છો!' : જગપતિ બાબુએ આડકતરી રીતે રશ્મિકા મંદાનાને સગાઇ વિશે પૂછતા એક્ટ્રેસ શરમાઈ ગઈ

7  કોટક સિક્યોરિટીઝના મતે ફુગાવામાં ઘટાડો થવાને કારણે નિર્ણય શક્ય, RBIની બેઠક ડિસેમ્બરમાં યોજાશે...

# એકબીજા ઉપર ગાડીઓ પડી, ઘરની છત ઊડી, 90નાં મોત

## કલમાગી વાવાઝોડાએ ફિલિપાઈન્સમાં તબાહી મચાવી, 3 લાખથી વધારે લોકો બેઘર થયા

**મનિલા, તા.05**

ફિલિપાઈન્સમાં શક્તિશાળી વાવાઝોડા કલમાગીએ તબાહી મચાવી છે. અધિકારીઓનું કહેવું છે કે અત્યાર સુધીમાં 90 લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે 26 ગુમ છે. દેશના મધ્ય પ્રાંતો જે તાજેતરના ભૂકંપમાંથી સંપૂર્ણપણે બહાર આવ્યા નથી, તેમને સૌથી વધુ નુકસાન થયું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે વરસાદ અને પૂરને કારણે ઘણા લોકો છત પર ફસાયેલા છે. રેડ ક્રોસને મદદ માટે સેંકડો કોલ મળ્યા હતા.

સેબુના ગવર્નર પામેલા બારિકુઆટ્રોએ કહ્યું, 'અમે બચાવ માટે બધી જરૂરી તૈયારીઓ કરી લીધી હતી, પરંતુ અચાનક આવેલા પૂરથી બધું જ બદલાઈ ગયું.' તેમણે એ પણ સ્વીકાર્યું કે લાંબા ગાળાના ખાણકામ અને નબળા પૂર નિયંત્રણ પ્રોજેક્ટ્સે પરિસ્થિતિને વધુ ખરાબ કરી છે.



રાહત કાર્ય દરમિયાન દુર્ઘટના વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રી લઈ જતું ફિલિપાઈન વાયુસેનાનું હેલિકોપ્ટર અગુસાન ડેલ સુર પ્રાંતમાં ક્રેશ થતાં છ સૈનિકોના મોત થયા હતા. સુપર હ્યુ હેલિકોપ્ટર દક્ષિણ અગુસાન ડેલ સુર પ્રાંતના લોરેટો શહેર નજીક ક્રેશ થયું હતું. પૂર્વીય મિંડાનાઓ લશ્કરી કમાન્ડે એક પ્રારંભિક નિવેદનમાં જણાવ્યું હતું કે હેલિકોપ્ટરમાં સવાર વાયુસેનાના કર્મચારીઓને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે, જેઓ વાવાઝોડાગ્રસ્ત પ્રાંતોમાં માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે તૈનાત હતા. ABS-CBN રિપોર્ટ મુજબ, હેલિકોપ્ટરમાં સવાર છ કર્મચારીઓના મોત થયા હતા.

ભારે વરસાદ અને પૂરથી ભારે તબાહી સેબુમાં નદી-નાળા છલકાઈ રહ્યા છે. ઘણા વિસ્તારોમાં ઘર તણાઈ ગયા છે. રાહત ભંડોળનો ઉપયોગ ઝડપી બનાવવા માટે વહીવટીતંત્રે પ્રાંતને 'રાજ્ય આપત્તિ ક્ષેત્ર' જાહેર કર્યો છે. ભૂકંપથી બેઘર બનેલા હજારો લોકોને પહેલાથી જ મજબૂત આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે, જેનાથી નોંધપાત્ર સંખ્યામાં લોકોના જીવ બચી ગયા છે. સેબુના ગવર્નરે નબળા બાંધકામ પર સવાલ ઉઠાવતા કહ્યું છે કે પૂર નિયંત્રણ પ્રોજેક્ટ્સની તપાસ થવી જોઈએ. જેના કારણે લોકોના જીવ ગયા, તેમને જ જવાબદાર ઠરાવવા જોઈએ.

- આ વાવાઝોડું હવે પલાવાન ટાપુ તરફ આગળ વધી રહ્યું છે અને વિયેતનામ માટે જોખમ ઉભું કરી રહ્યું છે. ફિલિપાઈન્સમાં દર વર્ષે 20 થી વધુ વાવાઝોડા આવે છે. આ દેશ પ્રશાંત મહાસાગરમાં સ્થિત છે, જ્યાં વાવાઝોડા વારંવાર આવે છે.
- વાવાઝોડાના પવનો 120 થી 130 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયા હતા, અને 165-180 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા. સેબુ ટાપુને સૌથી વધુ નુકસાન થયું હતું.
- કલમેગીએ 2025નું 20મું વાવાઝોડું છે. કલમેગી ટાયફૂન એક શક્તિશાળી ઉષ્ણકટિબંધીય ચક્રવાત છે. ફિલિપાઈન્સમાં તેને ટાયફૂન ટીનો તરીકે ઓળખવામાં આવે છે. તે 4 નવેમ્બર, 2025ના રોજ મંગળવારની રાત્રે મધ્ય ફિલિપાઈન્સમાં ત્રાટક્યું હતું.
- મોટાભાગના લોકો પૂરમાં ડૂબી ગયા હતા અથવા ભૂસ્ખલનમાં ફસાઈ ગયા હતા. છવીસ લોકો હજુ પણ ગુમ છે. એક દુ:ખદ અકસ્માત પણ થયો: રાહત કર્મચારીઓને લઈ જતું ફિલિપાઈન્સ આર્મીનું હેલિકોપ્ટર મિંડાનાઓ ટાપુ નજીક ક્રેશ થયું.



### છુપાઈને થાઈલેન્ડ-કંબોડિયા જાય છે, કહે છે એટમ બોમ્બ ફૂટશે, પણ ક્યારેય ફૂટતો કેમ નથી?

## રાહુલ ગાંધીના મત ચોરીના દાવા ખોટા : કિરેન રિજિજુ

**નવી દિલ્હી**

કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ભાજપ અને ચૂંટણી પંચ પર મતદાર યાદીમાં ગેરરીતિઓનો આરોપ લગાવ્યો હતો. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ રાહુલના આરોપોનો વળતો પ્રહાર કર્યો. રિજિજુએ કહ્યું, 'રાહુલે જે પ્રેઝન્ટેશન આપ્યું હતું તે નકલી હતું. રાહુલ ગાંધીએ તેમની પ્રેસ કોન્ફરન્સમાં કેટલીક વિદેશી મહિલાઓના નામનો ઉલ્લેખ કર્યો હતો. જ્યારે સંસદનું સત્ર ચાલુ હોય છે ત્યારે તેઓ વિદેશ જાય છે. તેઓ ગુપ્ત રીતે થાઈલેન્ડ અને કંબોડિયાની મુલાકાત લે છે. તેઓ વિદેશથી મળેલી પ્રેરણાના આધારે લોકોનો સમય બગાડે છે.'

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'અમે પણ ઘણી ચૂંટણીઓ હારી ગયા છીએ, પરંતુ અમે ક્યારેય રોતડા નથી રોયા. અમે ક્યારેય ચૂંટણી પંચનો દુરુપયોગ કર્યો નથી. અમે હંમેશા પરિણામોનું સ્વાગત કર્યું છે. કાલે બિહારમાં ચૂંટણી છે. તેઓ ધ્યાન ભટકાવવા માટે આ મુદ્દો ઉઠાવી રહ્યા છે. રાહુલ કહે છે કે એટમ બોમ્બ ફૂટવાનો છે. તેમનો એટમ બોમ્બ ક્યારેય ફૂટતો કેમ નથી?'



રિજિજુએ કહ્યું- બિહારમાં લોકો સાહેબથી ખુશ છે, રાહુલ રડી રહ્યા છે હરિયાણા ચૂંટણી અંગે રાહુલના આરોપો પર રિજિજુએ કહ્યું, 'એક્ઝિટ પોલ્સ અને ઓપિનિયન પોલ્સ હેરાફેરી માટે સંવેદનશીલ હોય છે. 2004માં ભાજપ એક્ઝિટ પોલમાં જીતી રહ્યું હતું, પરંતુ પરિણામોમાં હારી ગયું. લોકશાહીમાં જીત કે હાર સ્વીકારવી પડે છે. અમે ચૂંટણી પંચ, એક્ઝિટ પોલ્સ કે ઓપિનિયન પોલ્સનો દુરુપયોગ કર્યો નથી.'

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'સાહેબ હવે જે કરી રહ્યા છે તે મતદાતા શુદ્ધિકરણ માટે છે. બધા આનાથી ખુશ છે, પણ રાહુલ રડી રહ્યા છે. જ્યાં પણ સાહેબ હાજર છે, લોકો ખુશ છે. બિહારમાં લોકો કહી રહ્યા છે કે રાહુલ જ્યાં પણ જાય છે, ત્યાં બધું ખોટું થાય છે.'

મતદાન દરમિયાન દરેક પક્ષનો એક મતદાન એજન્ટ હોય છે. તેઓ તપાસ કરે છે કે કોણે મતદાન કર્યું છે અને કોણે નથી કર્યું. બહારના નિરીક્ષકો હોય છે. જો મતદાનમાં અનિયમિતતા હોય, તો તમે અરજી દાખલ કરી શકો છો. તમે કોર્ટમાં જઈ શકો છો. મતદાન ગણતરી દરમિયાન પણ થાય છે. તેમ છતાં, મતદાન એજન્ટો હોય છે. બધું સિસ્ટમ મુજબ થાય છે. તેઓ કોર્ટમાં જતા નથી. તેઓ ન્યાય વ્યવસ્થામાં માનતા નથી. શું લોકશાહી આ રીતે ચાલુ રહેશે?

કેન્દ્રીય મંત્રીએ કહ્યું- રાહુલ લોકશાહીનો દુરુપયોગ કરે છે કેન્દ્રીય મંત્રી રિજિજુએ વધુમાં કહ્યું, 'અમે લાંબા સમય સુધી વિપક્ષમાં હતા. કોંગ્રેસના સમયમાં સરકારે ન્યાયાધીશોની નિમણૂક કરી હતી. ચૂંટણી હાર્યા પછી અમે ક્યારેય લોકશાહી વ્યવસ્થા પર પ્રશ્ન ઉઠાવ્યો નથી. અમે ચૂંટણી પંચમાં અરજી દાખલ કરી છે, પરંતુ ક્યારેય દેશનો દુરુપયોગ કર્યો નથી. રાહુલ વિદેશ જઈને આપણી લોકશાહી અને વ્યવસ્થાનો દુરુપયોગ કરે છે.' બિહારમાં પહેલા તબક્કાની 121 બેઠકો પર આવતીકાલે મતદાન થવાનું છે. તેનાથી એક દિવસ પહેલાં રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો છે કે રાજ્યમાં 'ઓપરેશન સરકાર ચોરી' ચલાવવામાં આવી રહ્યું છે. રાહુલે બિહારના 5 મતદારોને મંચ પર બોલાવ્યા. બધાએ કહ્યું કે તેમના નામ મતદાર યાદીમાંથી કાપી દેવામાં આવ્યા છે.

## અંગ્રેજોનું નહીં હવે મોદીનું સામ્રાજ્ય : પ્રિયંકા ગાંધી

### અહીં અદાણી-અંબાણીનું દેવું માફ થાય છે, ખેડૂતોનું નહીં; મકાન સિંહ, ખદાન સિંહ, ઠેકેદાર સિંહ તમને લૂંટી રહ્યા છે

**બેટ્ટિયા, તા.05**

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી બિહારના બેતિયાના ચનપટિયા પહોંચ્યાં છે. તેમણે સભામાં કહ્યું કે, 20 વર્ષમાં સરકારે બસ તમને સંઘર્ષ કરવાની આદત પડાવી છે.



ચંપારણની ધરતીથી જ આઝાદીના આંદોલનની શરૂઆત થઈ. અહીંના ખેડૂતોનો અવાજ મહાત્મા ગાંધી સુધી પહોંચ્યો અને તેઓ અહીં સુધી આવ્યા. આજે અંગ્રેજોનું નહીં મોદીનું સામ્રાજ્ય છે. આ રાજમાં બધું જ મોંઘું થઈ ગયું છે.

મોદી સામ્રાજ્યમાં ખેડૂત દેવું લે છે અને વ્યાજ ચૂકવતા-ચૂકવતા તેની કમર તૂટી જાય છે. તમારું દેવું ક્યારેય માફ નથી થતું, પરંતુ અંબાણી-અદાણીનું લાખો કરોડોનું દેવું માફ થઈ જાય છે.

દેશના વડા પ્રધાન (પ્રધાનમંત્રી બિહારના સીએમને પોતાના મંચ પર નથી લાવતા. બીજી પાર્ટી પર સવાલો ઉઠાવે છે. તે કહે છે કે, કોંગ્રેસના પોસ્ટરમાં તેજસ્વીની તસવીર નાની છે.

## હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં 2 કરોડ વોટરમાંથી 25 લાખ મતોની ચોરી: રાહુલ ગાંધી

### રાહુલ ગાંધીએ વધુ એકવાર મતચોરીના મુદ્દા પર મોટી પ્રેસ કોન્ફરન્સ યોજીને ચૂટણી પંચ પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા

**નવી દિલ્હી, તા.05**

કોગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ઠીક બિહારની ચૂટણીના મતદાનના એક દિવસ પહેલા જ હરિયાણા વિધાનસભામાં થયેલી વોટ ચોરી પર પ્રેસ કોન્ફ્સ યોજી અને ચૂટણી પંચ પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. આ પહેલાં 7 ઓગસ્ટ અને 18 સપ્ટેમ્બરના રોજ પ્રેસ કોન્ફરન્સ યોજીને કર્ણાટક અને મહારાષ્ટ્રમાં મત ચોરીના આરોપ લગાવ્યા હતા.

રાહુલે દાવો કર્યો હતો કે તેમની પાસે પુરાવા છે કે હરિયાણામાં 25 લાખ 41 હજાર મતદારો નકલી હતા, એટલે કે હરિયાણામાં દર 8 મતદારોમાંથી 1 મતદાર નકલી હતો. તેમણે પ્રેસ મિત્રોને પોતાના પ્રેઝન્ટેશનમાં હરિયાણાની મતદાર યાદી બતાવતા કહ્યું કે બ્રાઝિલની એક મોડલે હરિયાણા ચૂંટણી દરમિયાન 10 બૂથ પર 22 વાર મત આપ્યો. આ રીતે 2024ની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં લાખો મતોની ચોરી થઈ, 'હરિયાણા ચૂંટણીમાં બ્રાઝિલિયન મોડેલે સીમા-સ્વીટી નામ તરીકે મતદાનો કર્યાના ગંભીર આરોપ લગાવ્યા હતા.

ગાંધીએ આરોપ લગાવ્યો કે મુખ્ય ચૂંટણી કમિશનર સહિત અન્ય બે કમિશનરોએ હરિયાણામાં ભાજપની જીત સુનિશ્ચિત કરવા તેમની સાથે સાંઠગાંઠ કરી હતી. તેમણે એવો દાવો કર્યો કે તેઓ પીએમ મોદી સાથે સાંઠગાંઠમાં હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે



ઓપરેશન સરકાર ચોરીએ હરિયાણામાં કોંગ્રેસની પ્રચંડ જીતને હારમાં ફેરવી દીધી. વધુમાં 'અમને શંકા છે કે મત ચોરી બૂથ સ્તરે નહીં, પરંતુ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે થઈ રહી છે.' તેમણે કહ્યું કે હરિયાણામાં એક લાખથી વધુ મતદારો નકલી ફોટોગ્રાફ્સ ધરાવે છે. મતદાર યાદીમાં ઘણા મતદારોના ઘર નંબર શૂન્ય છે. કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો કે નકલી મતદારોની કોઈ ઓળખ હોતી નથી અને મતદાન કર્યા પછી ગાયબ થઈ જાય છે, જેના કારણે તેમને ઓળખવામાં મુશ્કેલી પડે છે. તેમણે કહ્યું કે તપાસમાં જાણવા મળ્યું છે કે 500 મતદારોનું સરનામું એક જ હતું.

ગાંધીએ સૌથી પહેલાં હરિયાણા CM નાયબ સિંહ સૈનીનો વીડિયો બતાવ્યો, કહ્યું કે ચૂંટણીના બે દિવસ પછી CMએ એક બાઈટ આપી, જેમાં તેમણે વ્યવસ્થાનો ઉલ્લેખ કર્યો. હવે આ વ્યવસ્થા શું છે. આ પછી જે પરિણામ આવ્યું હરિયાણામાં કોંગ્રેસ ચૂંટણી હારી ગઈ. મતદારનું ઉદાહરણ આપતા રાહુલએ કહ્યું, 'દલચંદ ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં મતદાર છે. તેમનો પુત્ર પણ હરિયાણામાં મતદાર છે અને ઉત્તર પ્રદેશમાં મતદાન કરે છે. આવા હજારો લોકો છે જેમના ભાજપ સાથે સંબંધો છે. મથુરાના સરપંચ પ્રહલાદનું નામ પણ હરિયાણામાં ઘણી જગ્યાએ મતદાર યાદીમાં છે.'

રાહુલે બ્રાઝિલિયન છોકરીનો ફોટો પણ બતાવ્યો. તેમણે કહ્યું કે તેમનું નામ હરિયાણાની મતદાર યાદીમાં છે. ક્યારેક તેણીએ સ્વીટી, ક્યારેક સીમા અને ક્યારેક સરસ્વતીના નામથી મતદાન કર્યું. બે પોલિંગ બૂથની મતદાર યાદીમાં એક મહિલાનો ફોટો 223 વાર જોવા મળે છે. ચૂંટણી પંચને બતાવવું પડશે કે આ મહિલા આટલી વાર કેમ આવી. રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર પણ પ્રહાર કરતા કહ્યું કે તેમણે દાવો કર્યો હતો કે જેમની પાસે ઘર નથી તેમના માટે ઘરના નંબર શૂન્ય તરીકે નોંધાયેલા છે. ચૂંટણી પંચની પ્રેસ કોન્ફરન્સનો એક વીડિયો, જેમાં બેઘર લોકોને મતદાર યાદીમાં સૂચિબદ્ધ તેમના સરનામાં અંગે માહિતી આપવામાં આવી હતી, રાહુલની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ચલાવવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે તેમણે આ બાબતની તપાસ કરી હતી.



# સુરતનો તાપી નદી પરનો વીયર કમ કોઝવે ચાર મહિનાથી બંધ

## 25 વર્ષમાં ચોથીવાર નવેમ્બર મહિનામાં ઉકાઈ ડેમ 345 ફૂટની ભયજનક સપાટીએ પહોંચ્યો, પાણીની આવકની સામે જાવક ચાલુ

**સુરત, તા.05**

દક્ષિણ ગુજરાતની જીવાદોરી ગણાતો ઉકાઈ ડેમ આ વર્ષે પણ છલોછલ ભરાઈ ગયો છે. 1 નવેમ્બર 2025થી ડેમની સપાટી 345 ફૂટ નોંધાઈ છે, જે ભયજનક ગણાય છે. નવેમ્બર મહિનામાં 345 ફૂટથી વધુ 25 વર્ષમાં માત્ર 4 વખત જ ડેમની સપાટી રહી છે. હાલ પણ ઉકાઈ ડેમમાં ઉપરવાસમાં વરસાદના પગલે પાણીની આવક થઈ રહી છે. તેના પગલે જેટલું પાણી આવે છે તેટલું પાણી તાપી નદીમાં છોડી દેવામાં આવી રહ્યું છે. જેના પગલે હાલ પણ તાપી નદી બે કાંઠે વહી રહી છે અને સુરતનો વીયર કમ કોઝવે છેલ્લા ચાર મહિનાથી બંધ છે. હાલ પણ કોઝવે ઓવરફ્લો થઈ રહ્યો છે.



ઉકાઈ ડેમની સપાટી નવેમ્બરમાં 4 વાર 345 ફૂટને પાર પહોંચી, છેલ્લા 25 વર્ષના આંકડાઓ જોવામાં આવે તો ઉકાઈ ડેમની સપાટી 4 વાર 345 ફૂટને પાર પહોંચી છે. જ્યારે 3 વાર એવુ બન્યું છે કે, સપાટી 345 ફૂટની નજીક સુધી પહોંચી છે. આ વર્ષે પણ સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં ક્યારેક ધોધમાર તો ક્યારેક છૂટોછવાયો વરસાદ પડયો હતો. જેના કારણે 1 નવેમ્બર સુધી પણ ઉકાઈ ડેમમાં પાણીની આવક ચાલુ રહી છે. સામાન્ય રીતે ઓક્ટોબર મધ્ય પછી પાણીની આવક ઘટી જતી હોય છે, પરંતુ આ વર્ષે નવેમ્બર માસના આરંભ સુધી ડેમમાં પાણીનો પ્રવાહ જળવાયેલો રહ્યો છે.

ઉકાઈ ડેમમાં સતત પાણી ની આવકના પગલે છેલ્લા ચાર મહિનાથી ઉકાઈ ડેમમાંથી પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. એના પગલે તાપી નદી બે કાંઠે વહી રહી છે અને સુરતનો સિંગણપોર અને રાંદેરને જોડતો કોઝ વે છેલ્લા ચાર મહિનાથી ઓવર ફ્લો થઈ રહ્યો હોવાથી વાહન વ્યવહાર માટે બંધ છે. ઉકાઈ ડેમની હાલની સપાટી 345 ફૂટ છે અને 22,000 થી વધુ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. તેના પગલે જેટલું પાણી આવી રહ્યું છે તેટલું જ પાણી તાપી નદીમાં છોડી દેવામાં આવી રહ્યું છે.

વર્ષ 2006 બાદ ઉકાઈ ડેમની સપાટી છેલ્લા પાંચ વર્ષમાં સતત ઊંચી જળસપાટી પર રહી છે, જે ઉપરવાસના સતત વરસાદ અને સમાન વરસાદી વિતરણનું પરિણામ છે. વર્ષ 2006માં સૌથી વધારે 346 સપાટી રહી છે. કારણ કે તે વર્ષે પૂર આવ્યું હતું. વર્ષ 2006 બાદ સપાટીને કંટ્રોલમાં રાખવાનો પ્રયાસ થયો હોય તેવું આંકડા પરથી જોઈ શકાય છે.

### આ વર્ષે દક્ષિણ ગુજરાતના ખેડૂતોની પાણીની ચિંતા ટળી

ડેમ સંપૂર્ણ ભરાઈ જતાં દક્ષિણ ગુજરાતના ખેડૂતો પરથી જળસંકટ ટળી ગયું છે. આનાથી આગામી એક વર્ષથી વધુ સમય માટે સિંચાઈ અને ઔદ્યોગિક હેતુઓ માટે પર્યાપ્ત પાણીનો જથ્થો ઉપલબ્ધ થશે, જે પ્રદેશના લોકો માટે સારા સમાચાર છે.તાપી નદી, જેના પર ઉકાઈ ડેમ આવેલો છે, તે સુરત શહેર ઉપરાંત 1 કરોડથી વધુ લોકોને પીવાનું પાણી પૂરું પાડે છે. સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના 2,50,000 ખેડૂતોની 3,51,000 હેક્ટર ખેતીની જમીનને આ ડેમમાંથી સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવે છે.

ઉકાઈ ડેમમાંથી જ દક્ષિણ ગુજરાતના સુરત, તાપી અને નવસારી સુધી ખેતી તેમજ પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ વર્ષે પણ પૂરતું પાણી ઉપલબ્ધ રહેતાં આવનારી સીઝનમાં સિંચાઈ માટે પાણીની અછત રહેવાની શક્યતા નથી. હાલ કમોસમી વરસાદે ખેડૂતોની સ્થિતિ બગાડી છે, પરંતુ ડેમનું પાણી ઉનાળાના પાક સુધી રાહત આપશે. સુરત જિલ્લામાં નર્મદા કેનાલ, ઉકાઈ કેનાલ અને મિની માઈનર પ્રોજેક્ટના માધ્યમથી પાણીનો સપ્લાય સતત સુવ્યવસ્થિત રીતે થશે એવી અપેક્ષા છે.

છેલ્લા પાંચ વર્ષથી નવેમ્બર મહિનામાં ઉકાઈ ડેમની સપાટી 344 ફૂટથી વધુ નોંધાતી આવી છે. આ દર્શાવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં વરસાદી પેટર્ન ભલે બદલાઈ હોય, પરંતુ ઉપરવાસ વિસ્તારમાં જળસંચય પૂરતો રહ્યો છે. દક્ષિણ ગુજરાત માટે ઉકાઈ ડેમની આ સપાટી પીવાનું પાણી, ખેતી અને ઔદ્યોગિક જરૂરિયાતો માટે જીવનદોરીરૂપ આશીર્વાદ સમાન છે.

# ધારાસભ્ય કિરીટ પટેલે લખ્યો મુખ્યમંત્રીને પત્ર, ખેડૂતોના દેવા માફ કરવાની કરી માંગ

**પાટણ, તા.05**

રાજ્યમાં અતિવૃષ્ટિ, ભારે માવઠાને લઈને ખેડૂતોના પાકમાં ભારે નુકસાન પહોચ્યુ છે. સરકાર તરફથી સરવેની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત દયાનીય બની ગઈ છે. આ પરિસ્થિતિને ધ્યાને લેતા પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ખેડૂતોના દેવા માફ કરવાની માંગણી કરી છે.

કિરીટ પટેલે પોતાના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, 'ભારે કમોસમી વરસાદ કારણે ખેડૂતોની પાકની ભારે નુકસાની થઈ છે, જેના કારણે તેઓ બેન્કો અને સહકારી સંસ્થાઓના દેવા ભરવામાં અસમર્થ બન્યા છે. તેમણે જણાવ્યું કે ખેડૂતો દેશ અને રાજ્યની રીડ છે, તેમનું કલ્યાણ રાજ્યના વિકાસ માટે જરૂરી છે'.

પત્રમાં વધુમાં જણાવાયું છે કે, અગાઉ કોંગ્રેસ સરકારના સમયમાં ખેડૂતોના દેવા માફ કરવામાં આવ્યા હતા. હાલ




ગુજરાતને વિકાસના માદરી રાજ્ય તરીકે ગણવામાં આવે છે, ત્યારે ઉદ્યોગપતિઓને મળતી રાહતોની સાથે ખેડૂતોને પણ રાહત આપવી સમયની માંગ છે.

ધારાસભ્યએ આર્થિક સંવેદનશીલતા દર્શાવતા જણાવ્યું કે, જો સરકાર ખેડૂતોના દેવા માફ કરે, તો તેઓ પોતાના ધારાસભ્ય તરીકે મળતા બે માસના પગાર આ યોજના માટે અર્પણ કરવા તૈયાર છે. આ રજૂઆત રાજ્યમાં ખેડૂતો માટેની સહાનુભૂતિ અને જનહિતની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# માર્ગ અકસ્માતમાં બેના મોત : સાવલી અને ડભોઈમાં અકસ્માતમાં બે લોકોએ જીવ ગુમાવ્યા

**વડોદરા, તા.05**

વડોદરા શહેર જિલ્લામાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે ત્યારે જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવોમાં બે વ્યક્તિના કરૂણ મોત નીપજ્યા છે. હાલમાં અકસ્માત અંગેના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ થયો છે ત્યારે લોકોમાં જાગૃતતા આવે તે ખૂબ જરૂરી છે.



પ્રથમ બનાવમાં વડોદરા જિલ્લાના ડભોઈ પોલીસ મથક હદ વિસ્તારમાં વડોદરા તરફથી આવતી ઈકો કાર કુંઢેલા ગામ ચોકડી પાસે એ ક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાતા એ ક્ટિવાચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટ નામાં સલીમભાઈ કરીમભાઇ મનસુ રી (ઉંમર વર્ષ 57, છોટા ઉ દેપુર જિલ્લાના સંખેડા તાલુકાના પીપળસડ ગામ)નું મોત નીપજ્યું હતું.

અન્ય એક બનાવમાં જિલ્લાના સાવલી ભીમનાથ મંદિર પાસે રહેતા બાવીસ વર્ષના પ્રતીક ઠાકોર એક્ટિવા પર જરોદ જવા માટે નીકળ્યા હતા. સમલાયા બ્રિજ નજીક તેઓ પહોંચ્યા ત્યારે પીકઅપ વાનની ટક્કર વાગવથી ગંભીર ઈજા પહોચી હતી, તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેઓનું મોત નીપજ્યું હતું. આ મામલે સાવલી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

મહત્વની વાત છે કે, છેલ્લા કેટલાય દિવસોમાં શહેર જિલ્લામાં માર્ગ અકસ્માતો સત્તત વધતા જોવા મળી રહ્યા છે ત્યારે આ અકસ્માત ઘટાડવા ખાસ તો લોકોએ જાગૃત થવાની જરૂર છે. આ સાથે તંત્ર દ્વારા પણ બેફામ અને ગફલતભરી રીતે વાહન હંકારનાર ચાલકો પર લગામ ક્યારે લાગે છે તે જોવાનું રહ્યું.

# કમોસમી વરસાદ બાદ ખેડૂતો માટે કોંગ્રેસ મેદાને

## ગુજરાતભરનાં ખેડૂતોનું દેવું માફ કરવા અને પાકવિમા યોજના ફરી શરૂ કરવા માંગ, સૌરાષ્ટ્રનાં 10 જિલ્લામાં કિસાન આક્રોશ યાત્રા

**રાજકોટ, તા.05**

કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતના ખેડૂતોને કમોસમી વરસાદ અને સરકારી ઉપેક્ષાના કારણે થયેલા નુકસાન સામે ન્યાય અપાવવા 'કિસાન આક્રોશ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાનું પ્રસ્થાન આજે તા. 6 નવેમ્બરના રોજ ભગવાન સોમનાથના આશીર્વાદ સાથે હરહર મહાદેવના નાદ સાથે થઈ રહ્યું છે. અને તા. 13 નવેમ્બરના રોજ દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના શરણોમાં શીશ નમાવી સમાપન થશે. આ ટ્રેક્ટર યાત્રા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાંથી પસાર થશે. અને ખેડૂતો, ખેત મજૂરો, સાગર ખેડુઓ તથા પશુપાલકોની મુશ્કેલીઓ અને હક્કોની માંગ સરકાર સુધી પહોંચાડશે.

કોંગ્રેસના નેતા લાલજીભાઈ દેસાઈએ હાલમાં ખેડૂતોની દયનીય સ્થિતિને ધ્યાનમાં




રાખીને જણાવ્યું કે કમોસમી વરસાદના કારણે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે, કારણ કે ઉછીનું-ઉધાર કરીને ખાતર-બિયારણ લાવ્યા પછી પણ જો ઉત્પાદન ન થાય તો 12 મહિનાનો રોટલો રઝળી જાય છે. આ સ્થિતિમાં કોંગ્રેસના આગેવાનોએ ખેડૂતોની પડખે ઊભા રહેવાનો નિર્ણય લીધો છે. યાત્રા સોમનાથ દાદાના દર્શન કરીને શરૂ થશે. ત્યારબાદ ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર સહિત સમગ્ર સૌરાષ્ટ્રના તમામ જિલ્લામાંથી પસાર થશે. આ યાત્રા ટ્રેક્ટર અને વાહન સ્વરૂપે નીકળશે અને અંતે દ્વારકાધીશને પ્રાર્થના કરશે.

કોંગ્રેસની મુખ્ય માંગણીઓ અંગે જણાવતા તેમણે કહ્યું કે, 'લોલીપોપ નહીં!' - ખેડૂતોના દેવા માફ કરવામાં આવે, નહીં તો 'ભાજપ સાફ.' થશે. અને ખેડૂતોના પાક ધિરાણની વીમા યોજના ફરીથી શરૂ કરવામાં આવે. આ સાથે જ કમોસમી વરસાદથી થયેલા નુકસાનનું વળતર ખેડૂતોને પૂરેપૂરું ચૂકવવામાં આવે. તેમજ સેટેલાઈટ દ્વારા જમીનની માપણીની પ્રક્રિયા રદ કરવામાં આવે. ઉપરાંત સસ્તા ભાવે જમીનો પડાવી લેવાના ષડયંત્રોની સાથે જ બળજબરીથી જમીન પડાવવાની પ્રવૃત્તિઓ તાત્કાલિક ધોરણે રોકવામાં આવે. એટલું જ નહીં પશુપાલકો માટે ઘાસચારો, ખાણદાણમાં સબસિડી અને દૂધમાં (MSP) જાહેર કરવામાં આવે તે સહિતની કોંગ્રેસની માંગ છે. કિસાન કોંગ્રેસનાં પ્રમુખ પાલ આંબલિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે પાકવીમા યોજના બંધ કરીને ખેડુતોને હેરાન કર્યા છે. જેની સામે ખેડૂતોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

## BRTSમાં EV બસ દોડાવાતા વાર્ષિક 18 લાખ લિટર ડીઝલની બચત

# સુરત પ્રથમ શહેર જ્યાં BRTS રૂટ પર દોડતી તમામ બસ EV, કાર્બનમાં વાર્ષિક 200 ટનનો ઘટાડો....

**સુરત, તા.05**

ભારતને 2070 સુધીમાં નેટ ઝીરો કાર્બન કન્ટ્રી બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં વ્યો છે. ગુજરાતે આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે ક્લીન એન્ડ ગ્રીન અર્બન મોબિલીટી માટે કદમો ઉઠાવ્યા છે. જેમાં સુરત મહાનગરપાલિકાના BRTS પ્રોજેક્ટનો પણ મહત્વનો રોલ રહ્યો છે. સુરત મહાનગરપાલિકાએ તેના માસ ટ્રાન્સપોર્ટેશન પ્રોજેક્ટમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેના પરિણામે શહેરમાં પર્યાવરણ અને કાર્બન ફૂટપ્રિન્ટ પર નોંધપાત્ર હકારાત્મક અસર જોવા મળી રહી છે. SMCએ BRTSના તમામ 13 રૂટ પર દોડતી કુલ 352 ડીઝલ બસોને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક બસમાં રૂપાંતરિત કરી દીધી છે. જેના કારણે વાર્ષિક 18 લાખ લિટર ડીઝલની બચત પણ થઈ છે સાથે દર મહિને 200 ટન કાર્બન ડાયોક્સાઈડનો



ઘટાડો નોંધાયો છે.

મહાપાલિકાના આ નિર્ણયથી શહેરને ગ્રીન ટ્રાન્સપોર્ટેશનની દિશામાં મોટો વેગ મળ્યો છે. BRTS રૂટને ગ્રીન રૂટ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે. SMCની આ નવતર પહેલને કારણે હવે દૈનિક હજારો લિટર ડીઝલની બચત થઈ રહી છે. જે સીધી રીતે શહેરી પર્યાવરણને ફાયદો પહોંચાડી રહી છે. શહેરમાં દરરોજ 2 લાખથી વધુ મુસાફરો માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ લે છે, જે પૈકી 1.25 લાખથી વધુ મુસાફરો BRTS રૂટ પર દોડતી આ 352 ઈલેક્ટ્રિક બસમાં સવારી કરી રહ્યા છે.

SMCના આંકડાઓ અનુસાર, ઈલેક્ટ્રિક બસ શરૂ થવાથી કાર્બન ઉત્સર્જનમાં અકલ્પનીય ઘટાડો નોંધાયો છે. ડીઝલ બસ દૈનિક સરેરાશ 25000 કિલોમીટર ચાલતી હતી અને ડીઝલને કારણે દર કિલોમીટરે 0.25 કિલો કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)નું ઉત્સર્જન થતું હતું.

# રાજ્યમાં વરસાદનું જોર ઘટશે : 10 નવેમ્બર સુધી પૂર્વ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદની શક્યતા

**અમદાવાદ, તા.05**

ગુજરાત રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ, આજથી આગામી 10 નવેમ્બર સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. આ વરસાદ ખાસ કરીને પૂર્વ, મધ્ય અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં રહેશે, સાથે જ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.



જોકે, આજથી સૂકું હવામાન રહેવાની પણ આગાહી છે. અમદાવાદમાં આજે આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહેશે અને હળવા વરસાદ તેમજ ગાજવીજની શક્યતા છે, જેમાં મહત્તમ તાપમાન 32 ડિગ્રી અને ન્યૂનતમ તાપમાન 22 ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ન્યૂનતમ તાપમાનમાં મોટો બદલાવ નહીં થાય, પરંતુ આગામી 7 દિવસમાં તેમાં ધીમે ધીમે 2થી 4 ડિગ્રી સેન્ટિગ્રેડનો ઘટાડો થવાની શક્યતા છે.

## જૂથવાદ વચ્ચે પ્રથમ વખત પ્રદેશ નિરીક્ષકો પહોંચ્યા સેન્સ લેવા

# રાજકોટ શહેર ભાજપ નવું સંગઠન માળખું બનાવવા કવાયત શરૂ, નવા સંગઠનમાં 7 મહિલાઓને સ્થાન આપવામાં આવશે

**રાજકોટ, તા.05**

રાજકોટ શહેર ભાજપમાં ચાલી રહેલા જૂથવાદ વચ્ચે પ્રથમ વખત પ્રદેશ ભાજપ દ્વારા નિરીક્ષકો મોકલી સંગઠનનું નવું માળખું બનાવવા નિર્ણય કર્યો છે. આજે પ્રદેશમાંથી નિમણુંક પામેલા નિરીક્ષક પૂર્વ સાંસદ ભરતસિંહ પરમાર અને બિજલબેન પટેલ રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા અને નેતાઓ પાસેથી યાદી મંગાવી હતી જે પ્રદેશ સુધી પહોંચાડી નવું માળખું જાહેર કરવામાં આવશે. આ વખતના નવા માળખામાં પ્રમુખ સહીત કુલ 21 લોકોનું શહેર સંગઠન માળખું તૈયાર કરવામાં આવશે જેમાં મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવશે. આ ઉપરાંત 1 આદિજાતિ મહિલા અને 1 SC પુરૂષ સંગઠનમાં ફરજીયાત લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે નિરીક્ષકોની મુલાકાત પહેલા



સામાકાંઠા વિસ્તારમાં લેટરબોમ્બને લઈને રાજકારણ ગરમાયું છે.

રાજકોટ શહેર કમલમ ખાતે આજે પ્રદેશના નિરીક્ષક ભરતસિંહ પરમાર અને બિજલબેન પટેલ આવી પહોંચ્યા હતા. બન્ને નિરીક્ષકો દ્વારા રાજકોટના નેતાઓ પાસેથી નવા સંગઠન માળખા માટે યાદી મંગાવવામાં આવી હતી જે યાદી પ્રદેશ સુધી પહોંચાડવામાં આવશે અને આ પછી પ્રદેશ દ્વારા નવા માળખાની જાહેરાત કરવામાં આવશે. આજે આવેલા નેતાઓ પૈકી ધારાસભ્યો દ્વારા પોતાની વિધાનસભા દીઠ તેમના વિસ્તારમાં આવતા વોર્ડમાંથી 6-6 નામોની યાદી મંગાવવામાં આવી હતી આ ઉપરાંત પ્રદેશના હોદેદારો તેમજ પૂર્વ મંત્રીઓને પણ બોલાવી તેમની પાસેથી આવનાર ચૂંટણીને ધ્યાનમાં રાખી નવા સંગઠન માટે યોગ્ય ઉમેદવારો પસંદગી માટે નામ મંગાવવામાં આવ્યા હતા.

# માવઠાના કારણે આવક ઘટતા શાકભાજીના ભાવમાં વધારો

## શિયાળાની શરૂઆતમાં સસ્તા થવાના બદલે મોંઘા થયા, ગૃહિણીના બજેટ પર અસર

**ભાવનગર, તા.05**

ઓક્ટોબર માસમાં ભાવનગર જિલ્લામાં કમોસમી માવઠાના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. એક તરફ જ્યાં ખેડૂતોને પાક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. તો બીજી તરફ ગૃહિણીઓને શાકભાજીમાં વધેલા ભાવોને લઈ મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે.

ભાવનગર જિલ્લામાં ગત અઠવાડિયા દરમિયાન સાર્વત્રિક કમોસમી વરસાદ જોવા મળ્યો હતો. આ માવઠાના કારણે તમામ વર્ગની હાલત કફોડી બની છે. જેમાં ખેડૂતોને કપાસ,મગફળી,ડુંગળી ની સાથે-સાથે શાકભાજીઓના પાકને પણ મોટા પ્રમાણ માં નુકશાન થયું છે.સાથે શાકભાજી ની આવકમાં પણ ઘટાડો થયો છે. ત્યારે કમોસમી માવઠાએ શાકભાજી



પાકોને નુકશાન થતા શાકભાજીના ભાવોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે તેને લઈ ઘર ગૃહિસ્થી ચલાવતી મહિલાઓ મોંઘાદાટ શાકભાજી ખરદીવા મજબુર બની છે જે ગૃહિણીઓ 8-15 દિવસે શાકભાજી લેતી હતી તે ગૃહિણીઓ અત્યારે એકાંતરા શાકભાજીની ખરીદી કરી રહી છે.

આ અંગે રિપલ સલીયા (ગૃહિણી) જણાવ્યું હતું કે હું એક ખેડૂતની દીકરી છું અને ઘરમાં રોજિંદા વપરાશ માટે શાકભાજી જોતું હોય છે તો અત્યારે શાકભાજી લેવા માટે અમે આવ્યા છીએ પહેલા જે શાકભાજીનો ભાવ હતો તે વ્યાજબી હતો તેને ગરીબ અને મધ્યમવર્ગના લોકો લઈ શકે અત્યારે કમોસમી વરસાદના કારણે જે શાકભાજીના ભાવો છે તે આસમાને પહોંચી ગયા છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને શાકભાજી લેતા પહેલા વિચાર કરવો પડે છે તેને લઈ શાકભાજી આટલું મોંઘુ કઈ રીતે લેવું તે વિચારવું પડે છે અને પહેલા અમે અઠવાડિયા શાકભાજી લેતા હતા અને અત્યારે શાકભાજીમાં ભાવ વધારાને લઈ જેટલી શાકભાજીની જરૂરિયાત છે તે દરરોજ એ દરરોજ ખરીદી કરીએ છીએ અને થોડું થોડું ઉપયોગ કરીને ગુજરાન ચલાવવું પડે છે અને ભાવ વધારાને લીધે શાકભાજીનું અમે શાક પણ ખાતા નથી તેવી પરિસ્થિતિ છે.

શાકભાજીમાં ભાવ વધારો અંગે વેપારી ધર્મેશ ધાપાએ જણાવ્યું હતું કે આ કમોસમી માવઠું આવ્યું તેને લઈ મગફળી, કપાસ, ડુંગળી સાથે શાકભાજીને પણ પૂરેપૂરું નુકસાન થયું છે ત્યારે 80 થી 90 ટકા નુકસાન થયું છે.હાલ શાકભાજીમાં 50 થી 60% નો ભાવમાં વધારો જોવા મળ્યો છે જેમાં રીંગણ,કોબી,ફુલાવર, દુધી, ટમેટા સહિત ના શાકભાજીમાં અત્યારે 50 થી 60% નો ભાવ વધારો થઈ ગયો છે હાલ શાકભાજીમાં ભાવ વધારાને લઈ ગૃહિણીઓ પહેલા અઠવાડિયે 15 દિવસે એક સાથે શાકભાજી લઈ જતા પણ ભાવ વધારાને કારણે અત્યારે એકત્રા ગૃહિણીઓ શાકભાજી લેવા આવે છે અને ખાસ તો માવઠાના હિસાબે બધા શાકભાજીનું ધોવાણ થઈ ગયું છે તેને લઈ શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

### IANS_MATRIZE સર્વેમાં એનડીએની વાપસીનો અંદાજ

# બિહાર વિધાનસભા ચૂંટણી, આજે પ્રથમ તબક્કાનું મતદાન, 121 બેઠકો પર 1314 ઉમેદવારો મેદાનમાં

## આ સર્વે અુસાર ,153માંથી 164 બેઠક પર જીત મેળવી એનડીએ ફરી એકવાર સત્તામાં પરત આવશે

**પટણા, તા.5**

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે. આજે 6 નવેમ્બર, ગુરુવારના રોજ 18 જિલ્લાઓની 121 બેઠકો માટે મતદાન થશે. આજે પ્રથમ તબક્કાના 1,314 ઉમેદવારો ઘરે ઘરે જઈને ડોર ટૂ ડોર પ્રચાર કરશે. જ્યારે બીજા તબક્કા માટે રાજકીય દિગ્ગજો જાહેર સભાઓ કરી રહ્યા છે.



ઘણી બેઠકો પર ત્રિપાંખીયો જંગ

બિહાર વિધાનસભા ચૂંટણી 2025ના પહેલા તબક્કામાં, કુલ 1,314 ઉમેદવારો મેદાનમાં છે જેમાંથી 1192 પુરુષો, 121 મહિલા અને 1 ટ્રાન્સજેન્ડર) ચૂંટણી લડી રહ્યા છે. તમામ મતદાન મથકો પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં NDA અને મહાગઠબંધન વચ્ચે સીધી ટક્કર થવાની ધારણા છે. જોકે, ઘણી બેઠકો પર ત્રિપાંખીયો જંગ પણ ઉભરી રહ્યો છે. મહાગઠબંધનની અંદર મૈત્રીપૂર્ણ મુકાબલાના કારણે ઘણી બેઠકો પર મહાગઠબંધનની મુશ્કેલીઓ વધારી છે, જેનો ફાયદો NDAને મળી શકે છે.

### બિહારની રસપ્રદ ચૂંટણી

રાજકીય નિષ્ણાતોના મતે, આ ચૂંટણી ઘણી રીતે અલગ છે. ચર્ચા હેઠળના મુદ્દાઓ બદલાયા છે. જાહેરાત કરવામાં કોઈ પાછળ નથી, પરંતુ ચૂંટણી જંગ વધુ રસપ્રદ બની શકે છે. મહિલાઓ અને યુવાનો માટે લેવામાં આવેલા નિર્ણયો ગેમ-ચેન્જર હોઈ શકે છે. 2020ની વિધાનસભા ચૂંટણીમાં, NDA એ 121 વિધાનસભા બેઠકોમાંથી 60 બેઠકો જીતી હતી, જ્યારે મહાગઠબંધન પાસે 61 બેઠકો હતી, પરંતુ આ વખતે, ઘણી બેઠકો ઉલટાવી શકાય છે.

### પટણા વિસ્તારની સ્થિતિ

પટણા વિભાગમાં કુલ 32 વિધાનસભા બેઠકો છે. 2020 માં, NDAએ 13 બેઠકો જીતી હતી, જ્યારે મહાગઠબંધને 19 બેઠકો જીતી હતી. આ વખતે, મજબૂત ચહેરાઓના કારણે ઘણી બેઠકો ચર્ચામાં છે. ખાસ કરીને મોકામા, દુલારચંદ યાદવની હત્યા બાદ ચર્ચામાં આવી છે. અનંત સિંહ અહીંથી ચૂંટણી લડી રહ્યા છે પરંતુ હાલમાં હત્યાના આરોપમાં જેલમાં છે.

### મુંગેરના ઉમેદવાર સંજય સિંહના કેસરિયા

# બિહારમાં મતદાન પહેલા જ પ્રશાંત કિશોરને મોટો ઝટકો

## મુંગેર વિધાનસભા બેઠક પરથી જન સુરાજના ઉમેદવાર સંજય સિંહ પક્ષ છોડી ભાજપમાં જોડાયા

**પટણા, તા.5**

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પહેલાં જ પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીને એક મોટો ઝટકો વાગ્યો છે.

મુંગેર વિધાનસભા બેઠક પરથી જન સુરાજના ઉમેદવાર સંજય સિંહ પક્ષ છોડી ભાજપમાં જોડાયા છે. સંજય સિંહે ભાજપમાં જોડાતાં જ ભાજપના ઉમેદવારને સમર્થન આપવાની જાહેરાત કરતાં પ્રશાંત કિશોરને મોટુ નુકસાન થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

જન સુરાજે સંજય સિંહને મુંગેર બેઠક પરથી ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતાં, તે છેલ્લા થોડા મહિનાથી પાર્ટી માટે સક્રિય પ્રચાર કરી રહ્યા હતા. પરંતુ આવતીકાલે છ નવેમ્બરે પ્રથમ તબક્કાની ચૂંટણી પહેલાં જ તેમણે ભાજપમાં સામેલ થવાની જાહેરાત કરતાં જન સુરાજની



રાજકીય રણનીતિ પર પાણી ફરી વળ્યું છે. જેનાથી તેમની પાર્ટીને મોટું નુકસાન થવાની સંભાવના છે.

ભાજપમાં સામેલ થયા બાદ સંજય સિંહે એનડીએના વખાણ કરતાં જણાવ્યું કે, તેમનો આ નિર્ણય રાજ્યના વિકાસ અને સ્થિર સરકારના હિતમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં બિહારે જે કામ કર્યું છે, તેને વેગ આપવા માટે તે ભાજપની સાથે રહેશે. ઉલ્લેખનીય છે, ભાજપે મુંગેર વિધાનસભા બેઠક પરથી કુમાર પ્રણયને ટિકિટ આપી છે. આરજેડી તરફથી અવિનાશ કુમાર વિદ્યાર્થી મેદાનમાં છે. જન સુરાજના સંજય સિંહ ભાજપમાં જોડાઈ જતાં હવે મુકાબલો ભાજપ અને આરજેડી વચ્ચે જ રહેશે. મુંગેર બિહારની ૨૫ બેઠકો પૈકી એક છે, જ્યાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈતેહાદુલ મુસ્લિમીન ચૂંટણી લડી રહ્યું છે. તેણે પૂર્વ રાજ્યમંત્રી મોનાજિર હસનને મેદાનમાં ઉતાર્યા છે. જે નીતિશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ બંનેના મંત્રીમંડળમાં રહી ચૂક્યા છે.

૨૦૧૦માં આ બેઠક જેડીયુના અનંત કુમાર સત્યાર્થીએ જીતી હતી. ૨૦૧૫માં આરજેડીના વિજય કુમારે જેડીયુના ધારાસભ્યને હરાવ્યા હતા. ૨૦૨૦માં ભાજપને તક મળી હતી. તેમાં પ્રણવ કુમારે નજીવા મત સાથે જીત મેળવી હતી. જીતનો સૌથી મોટો તફાવત ૨૦૦૫માં રહ્યો હતો, જ્યારે જેડીયુ ઉમેદવાર ૧૧ ટકાથી વધુ મત સાથે જીત્યા હતા.

# બાંગ્લાદેશે ભાગેડૂ ઝાકિર નાઈકની એન્ટ્રી રોકી....

## કાયદો અને વ્યવસ્થા બગડવાનો ડર, સ્થાનિક જૂથે દેશભરમાં ભાષણ આપવા આમંત્રણ આપ્યું હતું

**નવી દિલ્હી, તા.05**

બાંગ્લાદેશની વચગાળાની સરકારે વિવાદાસ્પદ ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈકને દેશમાં પ્રવેશવા પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂક્યો છે. મંગળવારે ગૃહ મંત્રાલય ખાતે કાયદો અને વ્યવસ્થા કોર કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ચૂંટણી નજીક આવી રહી હોવાથી, સુરક્ષા દળો પહેલેથી જ વ્યસ્ત છે, તેથી નાઈકની મુલાકાત મોટી સંખ્યામાં ભીડને આકર્ષી શકે છે, જેનાથી કાયદો અને વ્યવસ્થા ખલેલ પહોંચાડવાની શક્યતા છે.

ગૃહ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક સ્થાનિક જૂથે નાઈકને 28-29 નવેમ્બરના રોજ ઢાકામાં બે દિવસીય કાર્યક્રમમાં આમંત્રણ આપ્યું હતું. યોજના તેમના માટે દેશભરમાં ભાષણો આપવાની હતી. બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે નાઈકની મુલાકાતમાં મોટી ભીડ ઉમટી પડશે, જેના માટે પોલીસ અને સુરક્ષા તૈનાત વધારવાની જરૂર પડશે. જોકે, હાલમાં દરેક વ્યક્તિ ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે. તેથી, ચૂંટણી પૂર્ણ થયા પછી જ તેમની મુલાકાત પર વિચાર કરવામાં આવશે. ઝાકિર નાઈક અંગે વર્તમાન બાંગ્લાદેશ સરકારની નીતિ પાછલી શેખ હસીના સરકાર કરતા સંપૂર્ણપણે



અલગ છે. જુલાઈ 2016માં ઢાકા હોલી આર્ટિસન બેકરી આતંકવાદી હુમલા બાદ હસીનાની સરકારે ઝાકિર નાઈકના પીસ ટીવી પર પ્રતિબંધ મૂક્યો હતો. હુમલાના કલાકોમાં જ નાઈક ભારત છોડીને ભાગી ગયો. હકીકતમાં, હુમલાખોરોમાંથી એકે બાંગ્લાદેશી તપાસકર્તાઓને જણાવ્યું હતું કે તે નાઈકની યુટ્યુબ ચેનલ પરના ઉપદેશોથી પ્રભાવિત હતો. નાઈક પર ભારતમાં નફરતભર્યા ભાષણ, મની લોન્ડરિંગ અને અન્ય ગુનાઓનો આરોપ છે. ભારતની રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) આ આરોપોની તપાસ કરી રહી છે. NIAએ નાઈક વિરુદ્ધ ધાર્મિક જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા બદલ કેસ દાખલ કર્યો હતો. 60 વર્ષીય નાઈકે મલેશિયામાં કાયમી નિવાસસ્થાન લીધું છે.

# રડતાં રડતાં જણાવી આપવીતી : પાકિસ્તાને 14 હિન્દુ પરિવારોને દેશમાંથી કાઢી મુકતા ચકચાર

## ગુરુ નાનક જયંતિ પર શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વમાં હાજરી આપવા માટે પાકિસ્તાન ગયેલા હિન્દુ પરિવારોને પાછા મોકલી દેવામાં આવ્યા

**ઈસ્લામાબાદ, તા.5**

આજે ગુરુ નાનક જયંતિ છે, જેને પ્રકાશ ગુરુપર્વ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય યાત્રાળુઓનો પહેલો સમૂહ શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વમાં હાજરી આપવા માટે પાકિસ્તાન ગયો હતો. યાત્રાળુઓમાં શીખ અને હિન્દુ બંનેનો સમાવેશ થતો હતો. જોકે, પાકિસ્તાને પોતાની કરતૂત બતાવી હતી. તેણે ધર્મની બાબતોમાં પણ તેનું ધૃણાસ્પદ વર્તન દર્શાવ્યું હતું. પાકિસ્તાને નનાકાના સાહિબ ગુરુદ્વારામાં શીખ યાત્રાળુઓનું ફૂલોથી સ્વાગત કર્યું, પરંતુ હિન્દુ યાત્રાળુઓને સરહદ પાર કરવાની મંજૂરી આપી નહીં. પાકિસ્તાની અધિકારીઓએ શીખ જૂથમાં સાથે ગયેલા હિન્દુ યાત્રાળુઓને અપમાનિત કર્યા અને પાછા મોકલી દીધા હતા. પાકિસ્તાન દ્વારા આવા ૧૪ પરિવારો સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો છે.

પ્રથમ ગુરુ, શ્રી ગુરુ નાનક દેવજીની જન્મજયંતિ ઉજવવા માટે ભારતમાંથી શીખ યાત્રાના ભાગ રૂપે પાકિસ્તાન ગયેલા હિન્દુ પરિવારોના સભ્યોને પાકિસ્તાન ઈમિગ્રેશન દ્વારા પાછા મોકલવામાં આવ્યા હતા. પાકિસ્તાની અધિકારીઓ દ્વારા પાછા મોકલવામાં આવેલા આ હિન્દુ પરિવારો દિલ્હી, લખનઉં અને નવા શહેરના છે. પાકિસ્તાનથી પાછા મોકલવામાં આવ્યા બાદ તેમણે પોતાની કઠિન પરિસ્થિતિ વર્ણવી છે. તેમણે જણાવ્યું છે કે, પાકિસ્તાની રેન્જર્સે તેમનું અપમાન અને દુર્વ્યવહાર કર્યો હતો.

હિન્દુ યાત્રાળુઓના સભ્યો શ્રી ગંગા રામ અને શ્રી અમર ચંદે પાકિસ્તાનથી પરત ફર્યા બાદ અટારી બોર્ડર પર વાત કરતા જણાવ્યું હતું કે, તેમણે પાકિસ્તાની ગુરુદ્વારાઓની મુલાકાત લેવા માટે દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટી પાસેથી વિઝા મેળવ્યા હતા અને ભારતથી શીખ યાત્રાળુ જૂથમાં જોડાયા હતા. જોકે, પાકિસ્તાનના વાઘા ખાતે પાકિસ્તાની ઈમિગ્રેશન અને રેન્જર્સના અધિકારીઓ દ્વારા તેમની સાથે ખૂબ જ કઠોર વર્તન કરવામાં આવ્યું હતું અને તેમને ફક્ત એટલા માટે પાછા મોકલી દેવામાં આવ્યા હતા, કારણ કે તેઓ હિન્દુ હતા. પાકિસ્તાની અધિકારીઓએ કહ્યું કે, 'તમે હિન્દુ છો, તમે શીખ જૂથમાં કેમ જોડાઈ રહ્યા છો?' તેમણે કહ્યું કે, પાકિસ્તાની અધિકારીઓએ તેમનું અપમાન કરતા કહ્યું કે, 'તમારા મંદિરોમાં જાઓ, તમે શીખ ગુરુદ્વારાઓનું શું કરવાના છો?' જોકે, તેમણે પાકિસ્તાની અધિકારીઓને કહ્યું કે, ફક્ત શીખો જ નહીં પરંતુ મોટાભાગના હિન્દુ ભક્તો પણ ગુરુ નાનક દેવજીની પૂજા કરે છે અને તેમના માર્ગ પર ચાલે છે. પરંતુ તેમણે સાંભળ્યું નહીં અને તેમને પાછા મોકલી દીધા હતા. કુલ ૧૪ પરિવારોના આ સભ્યોએ કહ્યું કે, તેમને ભારે દુ:ખ અને આંસુ સાથે પાકિસ્તાનથી ભારત પાછા ફરવું પડ્યું છે, જેનાથી તેઓ ખૂબ દુ:ખી થયા હતા. તેમણે જણાવ્યું કે, તેઓ અને તેમના પરિવારના અન્ય ઘણા સભ્યો પાકિસ્તાનમાં જન્મ્યા હતા, પરંતુ લાંબા સમયથી કાયમી નાગરિક તરીકે પાસપોર્ટ સાથે ભારતમાં રહી રહ્યા છે. તેઓ દિલ્હીના ફતેહપુર બેરી વિસ્તારમાં સ્થાયી થયા છે. પરિવાર શ્રી ગુરુ નાનક દેવજીની જન્મજયંતિ તેમના જન્મસ્થળ, નનકાના સાહિબ (પાકિસ્તાન) ખાતે ઉજવવા માંગતો હતો, પરંતુ પાકિસ્તાન સરકારે તેમને તેમ કરવાની મંજૂરી આપી ન હતી.

ભારત પરત ફરેલા હિન્દુ યાત્રાળુઓમાં દિલ્હી, લખનઉં અને નવાશહર (પંજાબ) ના પરિવારોનો સમાવેશ થાય છે. જોકે, સૂત્રોએ માહિતી આપી છે કે, ભારત પાકિસ્તાન દ્વારા ભારતીય યાત્રાળુઓને પરત મોકલવાથી વાકેફ છે. ભારત આ મુદ્દો પાકિસ્તાન સમક્ષ ઉઠાવશે. સૂત્રોએ જણાવ્યું કે, પાકિસ્તાન ઓપરેશન સિંદૂરથી નારાજ છે અને હિન્દુઓ અને શીખો વચ્ચે ફાટ પાડવા માંગે છે. આ જ કારણ છે કે, પાકિસ્તાનના આ પગલાને ઓપરેશન સિંદૂર પછી હિન્દુઓ અને શીખો વચ્ચે ફાટ નાખવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.

# લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીનો દાવો : હરિયાણામાં એક યુવતીએ નામ બદલી-બદલીને કુલ 22 વખત મત આપ્યા

## રાહુલ ગાંધીએ આ યુવતીનો નકલી ફોટો પણ જાહેર કર્યો હતો, જે બ્રાઝિલની મોડલનો ફોટોગ્રાફ હતો

**નવી દિલ્હી, તા.5**

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં 'ૐ ફાઈલ્સ' નામે વિવિધ પુરાવા રજૂ કરીને હરિયાણામાં વોટ ચોરીનો દાવો કર્યો છે. હરિયાણાની મતદાર યાદીમાં બ્રાઝિલની એક મોડલનું નામ હોવાનો દાવો થતાં જ દેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. તેમણે જણાવ્યું કે, હરિયાણામાં અનેક ફરિયાદોના આધારે શંકા થઈ હતી કે, કંઈક ખોટું થઈ રહ્યું છે. આ દિશામાં તપાસ કરતાં વોટ ચોરીના પુરાવા મળ્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, હરિયાણામાં અમને ઉમેદવારો પાસેથી ફરિયાદ મળી હતી. તમામ પૂર્વાનુમાન બદલાઈ ગયા. અમે તપાસ કરી પાંચ એક્ઝિટ પોલમાં જણાવાયું હતું કે, હરિયાણામાં કોંગ્રેસ જીતી રહ્યું છે. પરંતુ ચૂંટણીમાં પરિણામ ઓપિનિયન પોલથી અલગ જ આવ્યા. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે, હરિયાણામાં એક યુવતીએ નામ બદલી-બદલીને કુલ ૨૨ વખત મત આપ્યા હતા. ક્યારેક તે સીમા, ક્યારેક તે સ્વિટી, અને ક્યારેક સરસ્વતી બની મત આપવા આવી હતી. રાહુલ ગાંધીએ આ યુવતીનો નકલી ફોટો પણ જાહેર કર્યો હતો, જે બ્રાઝિલની મોડલનો ફોટોગ્રાફ હતો. એ ફોટોગ્રાફ પણ કોઈ વિદેશી ફોટોગ્રાફરે ક્લિક કર્યો હતો. રાહુલ ગાંધી અનુસાર, હરિયાણાની રાઈ વિધાનસભામાં એક મહિલાએ ૨૨ વખત મતદાન કર્યું હતું. તેણે કુલ ૧૦ બુથ પર મતદાન કર્યું હતું. આ મહિલા બ્રાઝિલની મોડલ છે જેની તસવીર મેથ્યુઝ ફેરેરો દ્વારા લેવામાં આવી હતી. હરિયાણામાં કોંગ્રેસ માત્ર ૨૨,૭૮૯ મતથી હારી ગઈ. રસાકસીનો માહોલ હતો.

# ફિલ્મમેકર મીરા નાયરના પુત્ર મમદાની ન્યૂયોર્કના મેયર બન્યા

## ટ્રમ્પને પડકારતાં કહ્યું, 'વોલ્યુમ થોડો વધારી દો', ન્યૂયોર્કે તમને બનાવ્યા, તે જ તમને હરાવશે

**વોશિંગ્ટન, તા.5**

ભારતીય મૂળના ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર ઝોહરાન મમદાનીએ અમેરિકાના ન્યૂયોર્ક શહેરની મેયરની ચૂંટણી જીતી લીધી છે, જેમાં તેમને 50.4% મત મળ્યા છે.

ન્યૂયોર્કના ભૂતપૂર્વ ગવર્નર અને સ્વતંત્ર ઉમેદવાર એન્ડ્રુ કુઓમો 41% એટલે કે લગભગ 850,000 મતો સાથે બીજા ક્રમે રહ્યા. રિપબ્લિકન કર્ટિસ સ્લિવા 7.1% એટલે કે લગભગ 145,000 મતો સાથે ત્રીજા ક્રમે રહ્યા.

મમદાની ફિલ્મ-દિગ્દર્શક મીરા નાયરના પુત્ર છે. તેઓ ન્યૂયોર્કના સૌથી યુવા મેયર, પ્રથમ ભારતીય-અમેરિકન અને 100 વર્ષમાં પ્રથમ મુસ્લિમ મેયર બનશે. પોતાની જીત બાદ મમદાનીએ ન્યૂયોર્કના લોકોને સંબોધિત કર્યા, ટ્રમ્પને ચેતવણી આપી.

### ચીન-જાપાનને પછાડી આ ભારતીય શહેરે મારી બાજી

# મુંબઈ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેર

### 94 ટકા રહેવાસીઓએ કહ્યું કે મુંબઈ તેમને ખુશ કરે છે

**મુંબઈ, તા.5**

ખુશીને માપવી મુશ્કેલ લાગણી છે, પરંતુ જ્યારે શહેરી જીવનની વાત આવે છે, ત્યારે વાતાવરણ, ખોરાક અને નાઈટલાઈફ તમારા જીવનને સીધી અસર કરે છે. તાજેતરના એક મોટા સર્વેમાં બહાર આવ્યું છે કે એશિયામાં સૌથી ખુશ લોકો ક્યાં રહે છે. આ સર્વેમાં સંસ્કૃતિ, સલામતી અને જીવનની ગુણવત્તા જેવા વિવિધ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌથી મોટા સમાચાર એ છે કે એક ભારતીય શહેર ટોચના ૫ શહેરોની યાદીમાં બીજા બધાને પાછળ છોડીને નંબર વન સ્થાન મેળવ્યું છે. ચાલો જાણીએ કે એશિયામાં તે ૫ ખુશ સ્થળો કયા છે અને તે શા માટે સૌથી ખાસ છે.

ટાઈમ આઉટ દ્વારા હાથ ધરવામાં આવેલા એક મોટા સર્વે અનુસાર, સપનાનું શહેર, મુંબઈ, માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેર છે. હકીકતમાં, ૯૪ ટકા મુંબઈ રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે. ૮૯% લોકો માને છે કે તેઓ મુંબઈમાં બીજા કોઈ પણ જગ્યાએ કરતાં વધુ ખુશ અનુભવે છે. ૮૮% લોકો માને છે કે તેમના ભાગીદારો પણ મુંબઈમાં ખૂબ જ સકારાત્મક અને ખુશ રહે છે.

મુંબઈની સફળતા પાછળ ઘણા કારણો છે. તે અસંખ્ય મનોરંજન વિકલ્પો, જીવંત સામાજિક વાતાવરણ અને ઉત્તમ કારકિર્દીની તકો ધરાવે છે. વધુમાં, મુંબઈ એશિયાના શ્રેષ્ઠ સ્ટ્રીટ ફૂડ શહેરોમાંનું એક છે, જે તેની ખુશીને વધુ વધારે છે.

ચીનના બે મુખ્ય શહેરો, બેઈજિંગ અને શાંઘાઈ, સૌથી ખુશ શહેરોની યાદીમાં બીજા અને ત્રીજા ક્રમે છે. બંને આધુનિકતા, સલામતી અને સંસ્કૃતિનું સંપૂર્ણ મિશ્રણ પ્રદાન કરે છે. બેઈજિંગ (બીજા સ્થાને) ના ૯૩ ટકા રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે, તેની સુવિધાઓ, સલામત વાતાવરણ અને સમૃદ્ધ સાંસ્કૃતિક જીવનનો ઉલ્લેખ કરે છે.

આ દરમિયાન, શાંઘાઈના ૯૨ ટકા રહેવાસીઓએ પણ તેમના શહેરને ખુશ શહેર તરીકે વર્ણવ્યું.

આ જ કારણ છે કે આ બંને શહેરોને જનરેશન-ઢ પેઢી માટે એશિયાના શ્રેષ્ઠ શહેરોમાં ગણવામાં આવે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે અહીંના યુવાનોનું ભવિષ્ય માત્ર સુરક્ષિત જ નહીં પણ તકોથી ભરેલું પણ છે.

એશિયાના સૌથી ખુશ શહેરોની યાદીમાં, બે સુંદર દક્ષિણપૂર્વ એશિયાઈ શહેરો, ચિયાંગ માઈ (થાઈલેન્ડ) અને હનોઈ (વિયેતનામ), અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે છે. બંને શહેરના ૮૮% સ્થાનિક લોકોએ ખુશ હોવાનું જણાવ્યું. ચિયાંગ માઈ તેના હરિયાળી અને શાંત વાતાવરણ માટે જાણીતું છે, જ્યારે હનોઈ 'સકારાત્મક લોકો' અને 'રોજિંદા અનુભવોમાં આનંદ' ની દ્રષ્ટિએ જીત્યું. બંને શહેરો ધમાલથી દૂર, ધીમી ગતિ અને સમુદાયની મજબૂત ભાવના સાથે જીવન શોધનારાઓ માટે ઉત્તમ વિકલ્પો છે.

રસપ્રદ વાત એ છે કે, સિઓલ, સિંગાપોર અને જાપાનની રાજધાની ટોક્યો જેવા મોટા અને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત શહેરો આ 'ખુશી' દોડમાં ઘણા પાછળ છે. ટોક્યો ટોચના ૧૦માં પણ સ્થાન મેળવી શક્યું નથી, ફક્ત ૭૦ ટકા લોકો માને છે કે તેમનું શહેર તેમને ખુશ કરે છે.

નિષ્ણાતો માને છે કે ઝડપી ગતિશીલ જીવનશૈલી, કાર્ય-જીવન સંતુલનનો અભાવ અને આ શહેરોમાં રહેવાની ઊંચી કિંમત આ પાછળના મુખ્ય કારણો હોઈ શકે છે. આ સ્થળોએ રહેતા લોકોને શાંત કુદરતી ઉદ્યાનો અને ભીડભાડ વચ્ચે આરામ કરતા સ્થળોએ સમય વિતાવવાની સલાહ આપવામાં આવે છે.

### એશિયાના ૧૦ સૌથી સુખી શહેરો

૧. મુંબઈ, ભારત
૨. બેઈજિંગ, ચીન
૩. શાંઘાઈ, ચીન
૪. ચિયાંગ માઈ, થાઈલેન્ડ
૫. હનોઈ, વિયેતનામ
૬. જકાર્તા, ઈન્ડોનેશિયા
૭. હોંગકોંગ
૮. બેંગકોક, થાઈલેન્ડ
૯. સિંગાપોર
૧૦. સિઓલ, દક્ષિણ કોરિયા



તંત્રી લેખ

# તાપી રિવરફ્રન્ટના 'નકલી ટેન્ડર'ના નામે 2 કરોડની છેતરપિંડી

ગાંધીનગર ઈન્ફોસિટી વિસ્તારમાં ઓફિસ ધરાવતા ઠગ દંપતીએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC)ના 'નકલી ટેન્ડર'ના દસ્તાવેજો બનાવી શહેરના વધુ ત્રણ વેપારીઓ પાસે આશરે 1.90 કરોડથી વધુનું રોકાણ કરાવી મોટાપાયે છેતરપિંડી આચર્યાની ઘટના સામે આવી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ઠગ દંપતીએ વડનગર, પાટણ, દ્વારકા, સુરત અને અમરેલીમાં ગુજરાત ટુરિઝમ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નામના સરકારી ટેન્ડર બતાવી કુલ 20.70 કરોડ રૂપિયાની ઠગાઈ આચરી હોવાની પણ ઈન્ફોસિટી પોલીસ મથકના ચોપડે નોંધાઈ ચૂકી છે. ઠગ દંપતીએ અત્યાર સુધીમાં કુલ મળીને 22.60 કરોડ લોકોના ચાઉં કર્યા છે.

ઠગ દંપતીએ નકલી ટેન્ડરના નામે 1.90 કરોડની છેતરપિંડી આચરી, ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે ભારત ગેસ એજન્સી ચલાવતા 56 વર્ષીય દર્શનભાઈ ગોરપનભાઈ રામી બાજુની દુકાન નં. 28 માં 'ઓમ એન્ટરપ્રાઈઝ' નામની ઓફિસ ધરાવતા નિરવ મહેંદ્રભાઈ દવે અને તેની પત્ની મીરા (બંને રહે.689/2 પ્રાણકુંજ , સેકટર 23, ગાંધીનગર) સાથે બારેક વર્ષથી પરિચયમાં હતા. સુરત મહાનગર પાલિકાના બનાવટી લેટરપેડ ને ખોટો ટેન્ડર પાસિંગ લેટર, આ ઠગ દંપતીએ જૂન 2024 માં દર્શનભાઈને કહ્યું હતું કે , તેમની ઓમ એન્ટરપ્રાઈઝ કંપનીને સુરત તાપી નદી રિવરફ્રન્ટ સજાવટનું રૂ. 22.58 કરોડનું સુરત મહાનગર પાલિકાનું (SMC) ટેન્ડર પાસ થયું છે. બાદમાં દર્શન ભાઈને વિશ્વાસ અપાવવા તેમણે SMCના બનાવટી લેટરપેડ પર તૈયાર કરાયેલો એક ખોટો ટેન્ડર પાસિંગ લેટર પણ બતાવી તેમાં રોકાણ કરવાથી ભારે નફો થશે તેવી લાલચ આપી હતી. ઠગ દંપતીની વાતોમાં આવીને વેપારીએ રોકાણ કરતાં પૈસા ગયા, આ લેટર જોઈને દર્શનભાઈએ વિશ્વાસમાં આવીને રોકાણ કરવાની તૈયારી દર્શાવી હતી. બાદમાં દર્શનભાઈએ તેમના જૂના લેણાં સહિત કુલ રૂ. 1 કરોડ 12 લાખથી વધુનું રોકાણ કર્યું હતું. ત્યારે દર્શનભાઈને જાણવા મળ્યું હતુ કે, તેમની ઓફિસમાં કામ કરતા જયંતિભાઈ ઉર્ફે પપ્પુ બાબુભાઈ પરમારે પોતાના વેચાણ કરેલા મકાનના રૂ.24 લાખ પણ ઠગ દંપતીની વાતોમાં આવીને રોકાણ કર્યા છે. એજ રીતે અન્ય એક પરિચિત મીનલ ઉંડવીયા પાસેથી રોકાણના નામે 54 લાખ નીરવ અને તેની પત્ની મીરા(ઠગ દંપતી)એ પડાવી લીધા છે.1 કરોડ 90 લાખથી વધુની ઠગાઈ, ફરિયાદ નોંધાઈ, આ જાણીને દર્શનભાઈએ પોતાના પૈસાની ઉઘરાણી કરતા ઠગ દંપતીએ વાયદા કરે રાખ્યા હતાં. દરમિયાન દર્શનભાઈને તેમના એક ઓળખીતા ભાવિકકુમાર પટેલ પાસેથી જાણવા મળ્યું હતું કે, આ દંપતીએ અન્ય લોકો સાથે પણ આ જ પ્રકારની છેતરપિંડી કરી છે. આખરે દર્શનભાઈ સહિત ત્રણ વેપારીઓ પાસેથી રૂ. 1 કરોડ 90 લાખ 69 હજારથી વધુની ઠગાઈ આચરનાર ઠગ દંપતી વિરુદ્ધ ઈન્ફોસિટી પોલીસે વધુ એક ફરીયાદ નોંધી છે.

# નારાયણ નું નામ જ લેતાં! નરસિંહ ની એ રચના નાં સુક્ષ્મ અર્થનું ચિંતન કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વર્તમાન સમાજ વિષય વસ્તુઓની ભરમારથી આકર્ષિત થઈને અહીં દોડ્યાં ,ત્યાં દોડ્યાં, અને મેળવ્યું, થોડો વખત સુખ લાધ્યું! વળી પાછા એનાં એ જ, અથવા અન્ય વસ્તુની ઝંખનામાં ફરી દોડ્યાં! લગભગ સૌના જીવનની આ જ ઘટમાળ છે, કોઈને લાંબા સમય માટે સુખ ચેન મળ્યું નથી. કારણ કે માર્ગ ખોટો છે! સમય સમયનું કામ કરે છે, અને આમને આમ જીવનના કેટલાય વર્ષો વીતી ગયાં, છતાં જેની ચાહ છે, એટલે કે તૃપ્તિ તો મળી જ નહીં! પ્રૌઢ અવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં આટલી ભાગદોડ ને અંતે શું મેળવ્યું અને શું ગુમાવ્યું એનું ક્યારેક ચિંતન કરીએ, તો મેળવવાં કરતાં ગુમાવ્યાનું પલ્લુ ભારે લાગશે. પણ એવું નથી કે આપણે જ પસ્તાઈએ છીએ, યુગની રીતે કાળ ગમે તે હોય, દરેક જીવની માનસિકતા સીધા સત્યને સ્વીકારી શકતી નથી, એને ડાબા હાથે જ કાન પકડવો, વધુ પસંદ આવે છે! અને એટલે જ હરિનું નામ એ અંતિમ સાર હોવા છતાં આપણે એટલું ભજન કરી શકતા નથી. હાં નીતિ નિયમની રીતે પાઠ, પૂજા, માળા, વગેરે દરેક કરતા હોય છે, પણ બસ હવે તો તારું નામ લેવું એ જ જીવનનું એક ધ્યેય છે, એવું નથી! અંદરોઅંદર નું છોડો સ્માર્ટ ફોન થતાં પારકી પંચાત એટલે કે વિશ્વની ઉથલપાથલ માં પણ આપણે એટલાં જ ઉલજીયે છીએ! આજે ગુરુવાર અને એટલે પ્રાર્થનાનાં ક્રમમાં નરસિંહની આવી જ એક રચના વિશે ચિંતન કરીશું.

**નરસિંહ મહેતા**

૧)નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે,
મનસા વાચા કર્મણા કરીને લક્ષ્મીવરને વરીએ રે.

નરસિંહ કહે છે કે નારાયણ નું એટલે કે હરિનું સ્મરણ કરતાં જે કોઈ રોકે તેને ત્યજી દ્યો. મન વચન અને કર્મણા એટલે કે ઈશ્વર સમીપે લઈ જાય એવું કર્મ કરીને લક્ષ્મીવર, એટલે કે વિષ્ણુનું વરણ કરીએ.

૨)કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ મા ને બાપ રે,
ભગિની સુત દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે.

કુટુંબ કે કુળમાં કોઈ હરિ સ્મરણ કરતાં રોકતું હોય, કે પછી માતા પિતા પણ હરિ સ્મરણ કરતાં રોકે, તો એને ત્યજી દેવાં પણ હરિને ભજતાં રહેવું.

ભાઈ બહેન પુત્ર પુત્રી કે પત્ની ના સંબંધને પણ સાપ જેમ કાંચળી કાઢી નાખે એમ આવા સ્નેહ સંબંધોને ત્યજી દેવાં પણ નામ સ્મરણ છોડવું નહીં.

૩)પ્રથમ પિતા પ્રહ્લાદે તજિયો, નવ તજિયું હરિનું નામ રે,

ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજિયા શ્રીરામ રે.

પ્રહલાદ વિષ્ણુનો પરમ ભક્ત હતો,પણ હિરણ્યકશિપુ પોતાને જ ભગવાન સમજતો હતો અને એટલે એ પ્રહલાદ ને ભક્તિ કરતાં રોકતો હતો, એટલે પ્રહલાદ એ



પિતા હિરણ્યકશિપુ ને ત્યજી દીધાં પણ ભક્તિનો માર્ગ છોડ્યો નહીં. ભગવાન શ્રીરામનાં વનવાસ માટે માતા કૈકેયી જવાબદાર હતી એટલે ભરત શત્રુઘ્ન એ માતાને ત્યજી દીધી પણ ભગવાનનો સાથ છોડ્યો નહીં.

ઋષિપત્નીએ શ્રીહરિ કાજે, તજિયા નિજ ભરથાર રે,
તેમાં તેનું કંઈએ ન ગયું, પામી પદારથ ચાર રે.

ઋષિપત્નીએ શ્રીહરિ ને કારણે પોતાના પતિને ત્યજી દીધાં, આ પંક્તિ માટે બે સંદર્ભ મળે છે, એક અત્રિ અને અનસૂયાના દામ્પત્ય ની વાત છે કે ભગવાન ની ભક્તિ માટે એમણે સહજ ગૃહ ધર્મ ત્યાગી દીધો હતો! જ્યારે બીજો સંદર્ભ એમ કહે છે કે જ્યારે ગોકુળમાં શ્રીકૃષ્ણની બાળ લીલાઓ ચાલતી હતી ત્યારે યજ્ઞ કરનાર ઋષિઓ પાસે બાલ કૃષ્ણ ભોજન લેવા જાય છે પણ હજી યજ્ઞ પૂર્ણ નથી થયો એમ કહીને તેઓ શ્રીકૃષ્ણ ને ભોજન આપતાં નથી પણ ઋષિ પત્નીઓ બાલ કૃષ્ણની લીલામાં તલ્લીન હોય છે અને એમની વાત ન માની ભોજન આપી દે છે, એમાં એનું કંઈ જ ગયું નહીં! ચતુર્ધા મુક્તિના ચારે ચાર ચરણ એટલે ધર્મ અર્થ કામ અને મોક્ષ ને પામી ગઈ.

વ્રજવનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજીને ચાલી રે,
ભણે નરસૈંયો વૃંદાવનમાં, મોહન સાથે મહાલી રે.

વ્રજ વનિતા એટલે કે ગોપીઓ વિઠ્ઠલ એટલે કે મોરલી મનોહરનાં કારણે પોતાના પતિ પરિવાર ત્યજીને એની પાછળ ચાલી નીકળી હતી! અને એટલે એ ભગવાન શ્રી કૃષ્ણ ના સાનિધ્ય નું પરમ સુખ પ્રાપ્ત થયું અને આ વાતનો નરસૈંયો સાક્ષી છે! કારણ કે એણે પણ વિઠ્ઠલ વરને પામવા વ્રજ વનિતા બનીને ગોકુળ વનરાવનની કુંજ ગલીમાં વિહાર કર્યો હતો.

સાવ સીધાસાદા શબ્દોમાં નરસિંહ કહે છે કે હરિનું નામ જ અંતે સર્વ સાધના નો સાર છે! એટલે કે એનું નિત્ય સ્મરણ જ આપણને સંસારી દોડમાંથી બહાર લાવી અંતરમાં સચ્ચિદાનંદ સ્વરૂપને સ્થિર કરી શકે છે. જોકે આ અર્થ તો સાવ સ્થૂળ રુપે છે અને મને લાગે છે કે નરસિંહ નું ચિંતન આટલું જ ન હોય શકે! ભલે એટલો અર્થ કરીને પણ જે તુલસી કહે છે એમ હરિનામ આહાર બનાવી જીવે એ તત્વતઃ ઈશ્વરની પૂર્ણ પ્રતિતિ પામે છે, અથવા તો સર્વ સિદ્ધની ઉપલબ્ધિ પામે છે! પણ મૂળમાં તો નરસિંહ કહે છે કે સંસારી સંબંધો જો તમને ભક્તિ કરતાં રોકે તો કોઈ પણ પ્રકારની ગ્લાનિ વગર જેમ સાપ કાંચળી ઉતારે એમ એને છોડી દ્યો અને આ વાત સમજવા એ આ બધાં ઉદાહરણથી કહે છે કે પ્રહલાદ એક બાળક હતો! એની પાસે વેદ વેદાંત એટલે કે ઈશ્વર વિશે કોઈ જ્ઞાન નહોતું! અને છતાં એની ભક્તિ પૂર્ણ પરિણામ લાવી, અને ભગવાન સ્વયં નૃસિંહ સ્વરૂપે પ્રગટ થયા અને હિરણ્યકશિપુનો વધ કર્યો. બીજું ઉદાહરણ કૈકેયી નું છે! એમાં ભરત માટે એણે રાજગાદી માંગી હતી, એટલે કે ઐશ્વર્ય ના પ્રલોભનોમાં ફસાયા વગર ભરત શત્રુઘ્નએ એમની માતાને પણ ત્યજી દીધી. ઋષિ પત્નીનું ઉદાહરણ દઈ નરસિંહ કહે છે, કે કર્મકાંડ નું પણ કોઈ એવું મહત્વ નથી, માત્રને માત્ર ભાવનું પ્રાધાન્ય હોય છે. વ્રજ વનિતા એટલે કે પૂર્ણ ગૃહસ્થ એવી યુવતીઓ એ વિઠ્ઠલના સાનિધ્ય માટે સંસારને ત્યાગી દીધો એટલે કે વિષય ભોગ પણ હરિ સ્મરણ કે સાનિધ્યની તોલે તુચ્છ છે. પ્રવર્તમાન સમયમાં લગભગ દરેક જીવ વિષયી સુખની પાછળ દોડે છે ત્યારે નરસિંહના આવાં સુક્ષ્મ ચિંતનને આત્મસાત કરી દરેક સાધન અને સાધ્યનો સાર અંતે તો હરિનું નામ જ છે એ સત્યને આપણી જીવની માં સૌથી ઉપર રાખી જીવી શકીએ અને નરસિંહ જેમ સંસારમાં રહીને પણ પૂર્ણ પદારથ એવાં પરમ પ્રેમને પામી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# સર્વ પદાર્થમાં ઈશ્વર છે એવું સમજી વ્યવહાર કરો તો ભક્તિ માર્ગમાં સફળતા મળશે



વિશેષ
યશપાલસિંહ દી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

વિક્રમ સંવત-૨૦૮૨નું નવું વર્ષ સર્વદા શ્રેષ્ઠ મંગળકારી પાપ નાશક બની રહે તેવી પ્રાર્થના સાથે આજે શાળા કોલેજમાં નવા શૈક્ષણિક સત્રમાં શરૂઆત થશે ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આગળ જોઈએ તો ઈશ્વર ચૈતન્યરૂપે સર્વમાં છેતેવો અનુભવ કરવાની આદત પાડો.ઈશ્વરસર્વત્ર છેએ વાત સાચી,પરંતુ ગુરુ આંખ ન આપે,ત્યાં સુધી તેનાં દર્શન થતાં નથી. બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખશો નહીં. કોઈ સંતને ગુરુ માની આધીન રહેજો. કોઈ પણ સંતનું સ્મરણ કે જે તમને પાપ કરતાં અટકાવે તેને આધીન રહેજો. ગુરુ કર્યા વગર રહેશો નહીં. પણ ગુરુ કરતાં પહેલાં વિચાર કરજો કે,જેને ગુરુ બનાવવા માગું છું તે લાયક છે કે નહીં. પાણી ગાળીને પીવું ને ગુરુ જાણીને કરવો. જગતના કોઈ મહાપુરુષમાં શ્રદ્ધા ન થતી હોય તો પ્રાચીન મહાત્માને ગુરુ માની રહેજો. મહાપુરુષો અમર છે. વલ્લભાચાર્ય અમર છે. ગુરુ માની એની સેવા કરો અને આધીન રહેજો. ગુરુ કર્યા વગર કલ્યાણ થતું નથી. કોઈ સંતના ચરણનો આશ્રય લેશો તો સદ્ગુરુ કૃપા કરશે અને સંદ્ગુરુ કૃપા કરશે તો અંદરની વાસના જશે. શરીરમાં રહેલા વિકારો જાય ત્યારે મનબુદ્ધિમાં રહેલી વાસના જતા નથી. બુદ્ધિમાંની વાસના સંતસેવા વગર જતી નથી. મન ઉપર સત્સંગ-સેવાનો અંકુશ રાખો. બુદ્ધિને કોઈ સંતના ચરણમાં રાખો. જગતમાં અનેક સંતો છે. આપણું કલ્યાણ કરવાની તેની જવાબદારી છે. ઝટપટ કોઈને ગુરુ કરી લેવા કે કોઈના ગુરુ થવું સારું નથી. ગુરુ થવાથી ચેલાના પાપની જવાબદારી ગુરુ ઉપર આવે છે. ચેલાના પાપનો ઈન્સાફ કરતી વખતે તેના ગુરુને બોલાવી પૂછવામાં આવે છે કે, ચેલાનું પાપ તેં કેમ છોડાવ્યું નહીં, તેને સન્માર્ગે કેમ વાળ્યો નહીં. ચેલાની સાથે ગુરુને ફટકા પડે. નૃસિંહસ્વામીનું પ્રાગટ્ય સ્તંભમાંથી થયું.વિચાર કરો, તે સ્તંભમાં કેવી રીતે રહ્યા હશે? થાંભલો પોલો તો નથી. ઠાકોરજી અંદર કેવી રીતે બેઠા હશે?પરમાત્મા સૂક્ષ્મરૂપે થાંભલા માં હતા,પરંતુ પ્રહલાદની ભક્તિ થી સૂક્ષ્મમાંથી તે સ્થૂલ થયા છે. પ્રહલાદનો પ્રેમ એવો કે સૂક્ષ્મ સ્વરૂપ સ્થૂલ બનીને બહાર આવ્યું. અતિશય પ્રેમ વગર પ્રભુ પોતાનું સ્વરૂપ બતાવતા નથી. પ્રહલાદજીનો પ્રેમ એવો હતો કે, નિરાકારમાંથી ભગવાન આકાર વાળા બન્યા છે. બુદ્ધિ સૂક્ષ્મ ન થાય ત્યાં સુધી તે બુદ્ધિ



ઈશ્વરનું ચિંતન કરી શકતી નથી. પરમાત્મા પ્રેમને લીધે આકાર ધારણ કરે છે. પરમાત્મા સગુણ નિર્ગુણ બને છે. તે સ્થૂલ છે. તે સૂક્ષ્મ પણ છે, તે કોમળ પણ છેઅને કઠણ પણ છે

ઈશ્વરમાં આ બધા ધર્મો માયાથી ભાસે છે એમ વેદાંતીઓ માને છે. વૈષ્ણવ આચાર્યો માને છે કે, વિરુદ્ધ ધર્માશ્રય પરમાત્મા છે. જે નૃસિંહસ્વામી હિરણ્યકશિપુ માટે કઠોર હતા, તે જ પ્રહલાદ ગોદમાં આવ્યા,ત્યારે કોમળ થઈ ગયા.

જ્ઞાની પુરુષો સર્વમાં ભગવદ્ દૃષ્ટિ રાખે છે. દૃશ્ય પદાર્થમાંથી દૃષ્ટિને હટાવી દૃષ્ટામાં દૃષ્ટિને સ્થિર કરો. દૃશ્યમાંથી દૃષ્ટિને હટાવો અને સર્વને જોનારા સર્વના સાક્ષી પરમાત્માના સ્વરૂપમાં દ્રષ્ટિ સ્થિર કરો.

એક મહાત્મા હતા. તેમને બધે ઈશ્વરનું સ્વરૂપ દેખાય. તેમની પાસે એક ગૃહસ્થ આવ્યો. તેણે કહ્યું, મારે ઈશ્વરનાં દર્શન કરવાં છે. મહાત્માએ કહ્યું, તમે પોતે જ ઈશ્વર છો એમ માનો. ગૃહસ્થ કહે છે, હું ખાતરીથી કહું છું કે હું ઈશ્વર નથી. મહાત્મા કહે છે, તમે ઈશ્વર નથી તો તમારા સિવાયનુંજે કંઈ દેખાય તે ઈશ્વર છે તેમ માનો. ગૃહસ્થે તેમ કર્યું, તેથી તેનું પાપ અટકી ગયું. તેનો વ્યવહાર શુદ્ધ થયો. ફરીથી તે ગૃહસ્થ મહાત્મા પાસે આવ્યો. મહાત્માને કહ્યું, સર્વમાં ઈશ્વર છે તેવો અનુભવ કરવાથી શાંતિ મળે છે, પણ મને કોઈ વખત શંકા થાય છે કે, આ જે કંઈ દેખાય છે તે બધું ઈશ્વર નથી.મહાત્મા તેને કહે છેકે તો હવે એમ કર. જે દેખાય છે તે ઈશ્વર નથી એમ માની એનો મોહ છોડી દે. હવે દૃશ્ય વસ્તુએ ઈશ્વર નથી. હવે તું સંસારના દૃશ્ય પદાર્થ સાથે નહીં પણ દૃશ્યના જે દૃષ્ટા છે તેની સાથે પ્રેમ કર. જે નથી દેખાતું એ ઈશ્વર છે. ઈશ્વર સર્વનો દૃષ્ટા છે, તે દૃશ્ય નથી. એમ માની એમાં મન સ્થિર કર. સર્વના દૃષ્ટામાં જે દૃષ્ટિ સ્થિર કરે તેને ભગવાન મળે છે. જે સર્વનો દૃષ્ટા છે, જે સર્વનો સાક્ષી છે તેને કોણ સહેલાઈથી જાણી શકે? જેને પૂર્ણ વૈરાગ્ય ન હોય તેને જ્ઞાનનો અનુભવ થતો નથી માટે આપણા જેવા માટે ભક્તિમાર્ગ સારો છે.

વૈષ્ણવો માને છે, સર્વ પદાર્થમાં ઈશ્વર છે એવું સમજી વ્યવહાર કરો તો ભક્તિમાર્ગમાં સફળતા મળશે. ઈશ્વરના કોઈ સ્વરૂપમાં જ્યાં સુધી મનુષ્ય આસક્ત થશે નહીં, ત્યાં સુધી ભક્તિ થશે નહીં. દષ્ટામાં દૃશ્ય નાશવંત છે એવા નિશ્ચય સાથે દૃષ્ટામાં દ્રષ્ટિ સ્થિર થાય અથવા પ્રત્યેક પદાર્થમાં ઈશ્વર છેએવું જ્ઞાન થાય તો આત્મ સાક્ષાત્કાર થશે. પ્રહલાદ સ્તુતિ કરે છે કે,મોટા મોટા સિદ્ધ મહાત્માઓ અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરે છે,તેમ છતાં તેઓને પરમાત્માનો સાક્ષા ત્કાર થતો નથી. આજે આપે મારા ઉપર કૃપા કરી તો હે નાથ, હું રાક્ષસકુળમાં જન્મ્યો અને આપનાં દર્શન થયાં.

બહુ ભણવાથી, બહુ જ્ઞાનથી ભગવાન મળતા નથી. જેનામાં બહુ જ્ઞાન હોય છે, તેને બીજાને છેતરતાં કે કપટ કરતાં જરાય બીક લાગતી નથી. પરમાત્માને પ્રસન્ન કરવા બહુ સંપત્તિની, બહુ ભણતરની જરૂર નથી કે, ઉચ્ચ કુળમાં જન્મ થવો જોઈએ એ પણ જરૂરી નથી.કેવળ બ્રાહ્મણો ને પરમેશ્વર મળે તેવું નથી. પરમાત્માને પ્રસન્ન કરવા માટે હૃદયના શુદ્ધ પ્રેમની જરૂર છે ખૂબ કમાઓ અને નાણાં ભાગવત સેવામાં વાપરો તે ઉત્તમ છે, પણ એક આસને બેસી પરમાત્માનું ધ્યાન કરો તે અતિ ઉત્તમ છે. ખરેખર તો બહુ સંપત્તિથી પરમાત્મા મળતા નથી.અનેક વખત પૈસો ભાગવત સેવામાં, ભાગવદ્ ભજનમાં વિઘ્ન કરે છે.

બહુ ભણેલા કુતર્કો કરે છે.કહે છે કે પહેલા ચમત્કાર બતાવો પછી તમારા ઠાકોરજીને નમસ્કાર કરું. પણ ભાઈ તારા નમસ્કાર લેવાની ઠાકોરજીને ગરજ નથી. ઈશ્વરને કોઈની જરૂર નથી.તમને ઈશ્વરની જરૂર હોય તો ખૂબ શ્રદ્ધાથી સેવા સ્મરણ કરો,પછી તે ચમત્કાર બતાવે છે.આજે દયા બાબતે એક વાર્તા જોઈએ એક શિકારી હતો.તેનું કામ પક્ષી ઓને જાળ કે ભારે વાંસની લાકડીઓથી ગુંદરથી લપેટીને વેચવાનું હતું.તે વેચીને તે પૈસાથી પોતાનું ગુજરાન ચલાવતો હતો.

એક દિવસ,શિકારીએ પોતાનો ધાબળો એક ઝાડ નીચે મૂક્યો, કોઈ પક્ષી આવે અને તેના ભારે વાંસથી ઝાડ પર બેસે તેની રાહ જોતો હતો. તે જ સમયે, એક ટીટોડી બૂમો પાડતી દોડતી આવી અને શિકારીના ધાબળામાં સંતાઈ ગઈ.

ટીટોડી એવું પક્ષી નથી જેને કોઈ ખરીદીને પાળે. શિકારી ઊભો થયો અને ટીટોડીને તેના ધાબળા માંથી કાઢી ભગાડવાનું નક્કી કર્યું. ત્યારે જ,તેણે આકાશમાં એક બાજ ઉડતો જોયો. શિકારીએ વિચાર્યું કે બાજ ટીટોડી પર હુમલો કરીને તેને ખાઈ જવાનો છે, તેથી જ ટીટોડી ડરથી તેના ધાબળામાં સંતાઈ ગઈ હતી. શિકારીને ટીટોડી પર દયા આવી. તેણે પથ્થર વડે બાજનો પીછો કર્યો. જ્યારે બાજ ચાલ્યો ગયો, ત્યારે ટીટોડી ધાબળામાંથી છટકીને ભાગી ગઈ. થોડા દિવસો પછી,શિકારી બીમાર પડ્યો અને મૃત્યુ પામ્યો. યમરાજના સંદેશ વાહકો તેને પકડીને યમપુરી લઈ ગયા.યમપુરીમાં આગ સળગતી હતી,અને ચૂલા પર મોટી કઢાઈમાં તેલ ઉકાળવામાં આવતું હતું. પાપીઓને આગમાં શેકીને ઉકાળતામાં તેલમાં તળવામાં આવતા હતા. યમરાજના સંદેશવાહકો પાપીઓને ચાબુક અને કુહાડીથી મારતા હતા. પાપીઓ પર તેનાથી પણ વધુ ભયાનક ત્રાસ આપવામાં આવતો હતો.શિકારી આવતાની સાથે જ, સેંકડો અને હજારો પક્ષીઓ ઘટના સ્થળે ઉમટી પડ્યા અને બૂમ પાડીને કહેવા લાગ્યા, 'તેણે અમને કોઈ દોષ વિના ફસાવીને વેચી દીધા છે અમે તેની આંખો કાઢી નાખીશું અને તેનું માંસ ફાડીને ખાઈશું.'

બિચારો શિકારી ભયથી ધ્રૂજી ઊઠ્યો.તે જ સમયે,એક ટીટોડી આવી પહોંચી.હાથ જોડીને, તેણે યમરાજને વિનંતી કરી,મહારાજ! તેણે ગરુડથી મારો જીવ બચાવ્યો હતો,કૃપા કરીને તેને માફ કરો.'

યમરાજે કહ્યું, 'તે એક ભયંકર પાપી છે.''બધા પક્ષીઓ તેને ફાડી કાઢશે,અને પછી તેને બાળી નાખવામાં આવશે અને કુહાડી ઓથી કાપી નાખવામાં આવશે, પરંતુ આ નાનો સંદેશવાહક તેને બચાવવા આવ્યો છે.તેણે આ પક્ષી પર એક વાર દયા બતાવી છે. તો તેને હવે દુનિયામાં પાછો મોકલીને એક વર્ષ સુધી જીવવા દો.'આમ,કોઈ પર કરેલી દયા ક્યારે નિષ્ફળ નથી જતી. દયા વાન બનો.અસ્તુ.

# એમવાય સમીકરણ કોના પક્ષે રહેશે

બિહારમાં વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ચૂક્યું છે. રાજકીય પક્ષો રણનીતિ બનાવી રહ્યા છે. બિહારના મતદારો મહાગઠબંધન પર ભરોસો મુકશે કે એનડીએને ફરીથી વિજય બનાવશે એની ચર્ચા થઈ રહી છે. પ્રશાંત કિશોર કોના મત તોડશે એની ચર્ચા પણ થઈ રહી છે. બિહાર ચૂંટણીની વાત જ્યારે પણ થાય છે ત્યારે મુસ્લિમ અને યાદવ (એમવાય) સમીકરણની ચર્ચા સૌથી વધારે થાય છે. આ વખતે એમવાય સમીકરણ અગાઉની ચૂંટણી કરતા અલગ છે. આ વખતે એમનો મતલબ મહિલા અને વાયનો મતલબ યુવા મતદારો છે. આ બંને મતદારોને રીઝવવા માટે દરેક પક્ષ પોતની નીતિ બનાવી રહ્યા છે. મુખ્યમંત્રી નિતિશકુમારએ મહિલાને આકર્ષિત કરવા વિવિધ યોજનાઓ લાગુ કરી છે. બીજી તરફ મહિલા ઉમેદવારોને આકર્ષિત કરવા તેજસ્વી યાદવ અને પ્રશાંત કિશોર પણ પ્રયત્ન કરી રહ્યા છે.બિહારની વિધાનસભા ચૂંટણીમાં સૌથી વધારે રોમાંચક મુકાબલો મોકામા વિધાનસભામાં જોવા મળશે. જેલમાં રહીને મોકામા બેઠક અપક્ષ તરીકે જીતનાર સૂરજભાનસિંહના મતવિસ્તારમાંથી સતત પાંચવાર જીતેલા અનંતસિંહના એક નિવેદનથી ગુસ્સામાં છે. હવે અનંતસિંહને હરાવવા માટે સુરજભાનસિંહ ફરીથી મોકામામાંથી ચૂંટણી લડશે. ૨૦૦૦ના વર્ષમાં મોકામામાંથી અનંતના મોટા ભાઈ દિલીપસિંહને મોટા માર્જિનથી હરાવીને સુરજભાન ધારાસભ્ય બન્યા હતા. અનંતે જેડીયુના ઉમેદવારોનું લીસ્ટ બહાર પડતા પહેલા જ નોમીનેશન ભરવાની જાહેરાત કરી દીધી છે. સૂરજભાનનું કુટુંબ આરજેડી સાથે જોડાઈ રહ્યું હોવાની ચર્ચા છે. એવી પણ વાત છે કે, મુંગેરમાંથી સાંસદ રહી ચૂકેલી એમની પત્ની વિણાદેવી મોકામામા પતિનો વારસો સંભાળવા ચૂંટણીમાં ઝંપલાવશે.નોબેલ પીસ પ્રાઈઝ ૨૦૨૫ માટે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ઘણા ધમપછાડા કર્યા પછી નોબેલ એવોર્ડ વેનેઝુએલાના વિરોધ પક્ષના નેતા મારિયા કોરીના મચાડોને આપવામાં આવ્યો છે. આ એવોર્ડની જાહેરાત થતા જ એક તરફ મારિયાને વિશ્વભરમાંથી શુભેચ્છા મળી રહી છે પરંતુ નવાઈ લાગે એવી વાત છે કે કેટલાક સંગઠનો મારિયાને આપવામાં આવેલો નોબેલ એવોર્ડ પરત લઈ લેવા માંગણી કરી રહ્યા છે. વેનેઝુએલામાં પણ એમને શાંતિ પુરસ્કાર આપવાનો વિરોધ થઈ રહ્યો છે. દેશમાં લોકશાહીની સ્થાપના માટે તેઓ વર્ષોથી અહીંસક આંદોલન ચલાવી રહ્યા છે. જોકે મારિયા સામ્યવાદી વિચારધારાની સંપૂર્ણ વિરોધમાં છે અને એટલે જ મારિયાને મળેલા એવોર્ડથી સામ્યવાદીઓ નારાજ થઈ ગયા છે. એમના વિરોધીઓનું કહેવું છે કે મારિયા અમેરિકાના જમણેરી વિચારકોની નજીક રહ્યા છે. મારિયા વેનેઝુએલા સરકાર પર લાદવામાં આવેલા વિદેશી પ્રતિબંધોની તરફેણ કરે છે. અમેરિકાના મુસ્લિમ સિવિલ રાઈટ ગુરપ કાઉન્સિલ ઓન અમેરિકન ઈસ્લામિક રિલેશન (સીએઆઈઆર)એ પણ મારીયાને અપાયેલા એવોર્ડનો વિરોધ કર્યો છે. સીએઆઈઆરનું કહેવું છે કે, મારિયા ઈઝરાઈલના મુસ્લિમ વિરોધી એજન્ડાને ટેકો આપે છે.મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી અજીત પવારનું કહેવું છે કે, ધારાસભ્ય સંગ્રામ જગતાપના નિવેદનને કારણે એમને કારણદર્શક નોટીસ આપવામાં આવશે. ધારાસભ્ય સંગ્રામ જગતાપે લોકોને અપીલ કરી હતી કે દિવાળીમાં ફક્ત હિન્દુ દુકાનદારો પાસેથી જ ખરીદી કરે. જગતાપનું આ નિવેદન ખૂબ વાયરલ થયું છે. જગતાપે ત્યાર પછી પહેલગામ આતંકવાદી હુમલાનો દાખલો આપીને પોતાનું નિવેદન સાચુ હોવાનું કહ્યું છે. જોકે એમના પક્ષના નેતા અજીત પવારને ધારાસભ્યનું આ નિવેદન પસંદ આવ્યું નથી. એમનું કહેવું છે કે ધારાસભ્યનું નિવેદન પક્ષની વિચારધારાને અનુરૂપ નથી. અજીત પવારે કહ્યું છે કે, 'જગતાપનું નિવેદન સંપૂર્ણ રીતે ખોટું છે. પક્ષની વિચારધારા પહેલેથી નક્કી થઈ ચૂકી છે. પક્ષના કોઈ પણ ધારાસભ્યોએ આવા નિવેદનો કરવા જોઈએ નહીં. સંગ્રામ જગતાપ અહમદનગરના ધારાસભ્ય છે.ઓડિસામાં લુઆપાડા પેટા ચૂંટણી પહેલા રાજ્યના રાજકારણમાં ગરમી આવી ગઈ છે. સ્વ. રાજેન્દ્ર ઢોળકિયાના પુત્ર જય ઢોળકિયાએ છેવટે ભાજપનો સાથ લીધો છે. જય ઢોળકિયાના ભાજપ પ્રવેશને કારણે રાજ્યમાં ભાતભાતની ચર્ચા થઈ રહી છે. રાજધાની ભૂવનેશ્વર સ્થિત ભાજપ કાર્યાલયમાં મુખ્યમંત્રી મોહનચરણ માંજી સહિત બીજા સિનિયર નેતાઓની હાજરીમાં જયનું સ્વાગત પક્ષમાં કરવામાં આવ્યું હતું. જય બીજેપીમાં જોડાતા લુઆપાડાની રાજકીય હવા એકદમ બદલાઈ ગઈ છે. એમ મનાય છે કે વારસામાં મળેલી પિતાની રાજકીય તાલીમ અને સ્થાનિકોની સહાનુભૂતીને કારણે એમને હરાવવા મુશ્કેલ છે. થોડા અઠવાડિયા પહેલા જ મુખ્યમંત્રી મોહનચરણ માંઝી લુઆપાડા ગયા હતા અને સ્વ. રાજેન્દ્ર ઢોળકિયાના પરિવારને મળ્યા હતા. આ મુલાકાત વખતે જ પુત્ર જયને ભાજપમાં લાવવાની ઓફર થઈ હોવી જોઈએ. સમગ્ર દેશની નજર બિહાર વિધાનસભાની ચૂંટણી પર છે. દેશની તમામ અગત્યની પાર્ટી ચૂંટણીમાં પોતાની હાજરી પુરાવવા માંગે છે. ઓવૈસીના પક્ષ એઆઈએમઆઈએમએ પોતાની પહેલી યાદી જાહેર કરી છે. પહેલી યાદી જાહેર કરતી વખતે એઆઈએમઆઈએમના પ્રદેશ પ્રમુખ અખ્તરૂલ ઈમાનએ કહ્યું હતું કે, 'એઆઈએમઆઈએમ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ધર્મનિરપેક્ષ મતોને વહેંચાઈ જતા બચાવવા માટે અને કોમવાદી તાકાતો વિરુદ્ધ લડત આપવા તમામ પ્રયત્ન કરશે. અમે આ બાબતે સક્રિય હતા, પરંતુ ગઠબંધનના મોટા પક્ષોએ અમેનો ટેકો આપ્યો નથી. આ કારણે જ અમારે ત્રીજુ ગઠબંધન બનાવવું પડયું છે.' એઆઈએમઆઈએમ કિસનગંજના ચાર જિલ્લાઓમાં ચૂંટણી લડશે. આ સિવાય પૂર્ણિયા, કટિહાર, અરરીયા, ગયા, મોતીહારી, નવાદા, જમુઇ, ભાગલપુર, સિવાન, દરભંગા, સમસ્તીપુર, સીતામઢી, મધુબની, વૈશાલી અને ગોપાલગંજ જિલ્લાની બેઠકો પર થી પણ ચૂંટણી લડશે. રાજકીય નીરિક્ષકો એમ માને છે કે, જો એઆઈએમઆઈએમ જાહેર કરેલી ૧૦૦ બેઠકો પર ઉમેદવાર ઉતારશે તો કોંગ્રેસ અને આરજેડીને સૌથી વધુ નુકશાન થઈ શકે એમ છે.

# દિલ્હીની વાત : નિતિશ કે તેજસ્વી, સટ્ટાબજાર શું કહે છે?

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કોની સરકાર બનશે? એનડીએની કે મહાગઠબંધનની? દેશમાં આજે આજ ચર્ચા ચાલી રહી છે. વિવિધ સર્વેમાં અલગ અલગ પરિણામો બતાવવામાં આવે છે. રાજસ્થાનના જાણીતા ફલોદી સટ્ટાબજારએ પણ બિહાર વિધાનસભાની ચૂંટણી વિશે અનુમાન લગાડયું છે. સટ્ટાબજારમાં નિતિશકુમારના એનડીએ અને તેજસ્વી યાદવના મહાગઠબંધન પર જુદા જુદા ભાવ લગાડવામાં આવ્યા છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ફલોદી સટ્ટાબજારમાં નિતિશકુમારના નેતૃત્વવાળી એનડીએ સરકાર ફરીથી સત્તા પર આવશે એવી ધારણા થઈ રહી છે. એટલે કે તેજસ્વી યાદવના નેતૃત્વવાળા મહાગઠબંધનએ સત્તાથી દુર રહેવું પડશે. સટોડિયાઓનું માનવું છે કે, બિહારમાં એનડીએ સત્તા ટકાવી રાખશે. એનડીએને ૨૪૩ માંથી ૧૨૮ કે ૧૩૪ જેટલી બેઠકો મળી શકે છે. બિહાર વિધાનસભામાં બહુમતી માટે ૧૨૨ બેઠકો જીતવી જરૂરી છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં દરેકની નજર મહુઆ બેઠક પર છે. વૈશાલી જિલ્લાના મુખ્યમથક હાજીપુરથી લગભગ ૩૦ કી.મી. દુર આવેલા મહુઆની ચર્ચા દેશ - દુનિયામાં થઈ રહી છે. લાલુ પ્રસાદ યાદવના કુટુંબથી દુર થયેલા મોટા પુત્ર તેજપ્રતાપ યાદવ આ વખતે મહુઆથી ચૂંટણી લડી રહ્યા છે. તેજપ્રતાપએ પોતાના પક્ષ જનશક્તિ જનતાદળની સ્થાપના કરી છે. દેશભરના પત્રકારો આ બેઠક કવર કરવા માટે આવે છે. છેલ્લી ચૂંટણીમાં જેડીયુના ઉમેદવાર રહેલા ડો. આસ્મા પરવીન બળવો કરીને ચૂંટણીમાં ઉભા રહ્યા છે. આરજેડીએ અહીંથી પોતાના ધારાસભ્ય ડો. મુકેશ રોશન અને એનડીએએ લોજપા (રામવિલાસ પાસવાન)ના સંજયસિંહને મેદાનમાં ઉતાર્યા છે. મહુઆમાં ચતુષ્કોણીય જંગ છે. ખાસ કરીને તેજપ્રતાપ યાદવને કારણે આ સ્પર્ધા ચર્ચાસ્પદ બની છે. દેશના ભાવિ સીજેઆઇ સૂર્યકાંતે પોતાની કારકીર્દીનો એક કિસ્સો જણાવ્યો છે. જસ્ટીસ સૂર્યકાંતએ એક અગત્યની વાત કહી છે કે વકીલો માટે બુમબરાડા નહીં પરંતુ પુરતી તૈયારી જરૂરી હોય છે. એકવાર અતિ આત્મવિશ્વાસમાં તેઓ કેસ હારી ગયા હતા. ત્યાર પછી એમને શીખવા મળ્યું કે કેસનો અભ્યાસ ઝીણવટથી કરવો જોઈતો હતો. શીખવું એ એક કાયમી પ્રક્રિયા છે. કદી શીખવાનું બંધ નહીં કરવું જોઈએ અને દરેક બૌદ્ધીક બાબતે પ્રશ્ન થવા જોઈએ. જસ્ટીસએ કહ્યું હતું કે, 'હું ખાતરી સાથે કહી શકું છું કે, વકીલાતનો વ્યવસાય તમે એટલે પસંદ નહીં કર્યો હોય કે તમારી સમક્ષ એ એક માત્ર વિકલ્પ હતો. તમે આ વ્યવસાય એટલે પસંદ કર્યો છે કે, તમે એવા રસ્તે છો કે તે બદલવા માટે પુરી રીતે તૈયાર છે.' બે ભાઈઓ વચ્ચે પીતૃક સંપત્તી બાબતે થયેલા ઝઘડાનો કેસ તેઓ અતિ આત્મવિશ્વાસને કારણે હારી ગયા હતા. નેપાળની સુપ્રિમ કોર્ટે સરકારને આંચકો આપ્યો છે. ચીન, અમેરિકા, બ્રિટન, રશીયા અને જાપાન સહીત ૧૧ દેશોના રાજદુતોને પાછા બોલાવવાના નિર્ણય પર સુપ્રિમ કોર્ટે સ્ટે મૂકી દીધો છે. નેપાળ સરકારની કેબીનેટે ૯ઠ્ઠી ઓક્ટોબરે આ નિર્ણય લીધો હતો. જસ્ટીસ સારંગા સુબેદી અને જસ્ટીસ શ્રીકાંત પોડેલની બેન્ચે વચગાળાનો હુકમ આપ્યો છે. કોર્ટે ચેતવણી આપી છે કે આ નિર્ણયને કારણે નેપાળ સાથેના વિવિધ દેશોના દ્વિપક્ષીય સંબંધો પર અસર પડી શકે એમ છે. ચૂકાદામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ તમામ રાજદુતોનો કાર્યકાળ હજી સુધી પુરો થયો નથી. કેબીનેટએ લીધેલા નિર્ણય પાછળ કોઈ કારણ આપવામાં આવ્યું નથી.

## જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનમાં રેલવે પ્રોજેક્ટ્સ અને વિકાસ કાર્યો અંગે સમીક્ષા બેઠક યોજી

**અમદાવાદ, તા. 05**

પશ્ચિમ રેલ્વે ના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદમાં અમદાવાદ ડિવિઝન પર ચાલી રહેલા વિવિધ રેલ્વે પ્રોજેક્ટ્સ, નિર્માણ અને પુનર્વિકાસના કાર્યોની પ્રગતિ અંગે વિસ્તૃત સમીક્ષા બેઠક કરી. જનરલ મેનેજરે આ દરમિયાન અમદાવાદ, સાબરમતી અને ભુજ સ્ટેશનો પર ચાલી રહેલા રી ડેવલોપમેન્ટ કાર્ય ની પ્રગતિ, આદરજ મોટી-વિજાપુર ગેજ પરિવર્તન, સાબરમતી-અસારવા વાય કનેક્ટિવિટી, ગાંધીધામ-આદિપુર લાઇનનું ચૌહરિકરણ, સામખ્યાલી-ગાંધીધામ ચૌહરિકરણ, અમદાવાદ યાર્ડ રિમોડેલિંગ, વટવા-અમદાવાદ-સાબરમતી ચોથી લાઈન, નલિયા-જખો પોર્ટ નવી લાઇન વગેરે પ્રોજેક્ટ્સના કાર્યની પ્રગતિની સમીક્ષા કરી. બેઠકમાં જનરલ મેનેજર શ્રી ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનમાં ચાલી રહેલા સ્ટેશન રી ડેવલોપમેન્ટ કર્યો , રોડ ઓવરબ્રિજ (આરઓબી), રોડ અંડરબ્રિજ (આર યુ બી), પેસેન્જર સુવિધા અપગ્રેડ, સુરક્ષા અને પરિચાલન સુધાર કાર્યોની મુદ્દાવાર સમીક્ષા કરી. તેમણે અધિકારીઓ પાસેથી દરેક પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ, તેના પૂર્ણતા લક્ષ્ય, આવનારા કોઈપણ તકનીકી અથવા પ્રશાસનિક અવરોધો અને તેના નિરાકરણ માટે લેવામાં આવી રહેલા પગલાં વિશે પૂછપરછ કરી. તેમણે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે તમામ નિર્માણ કાર્યો નિર્ધારિત સમય - મર્યાદામાં ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવામાં આવે, જેથી યાત્રીઓને બહેતર સુવિધાઓ મળી શકે અને પરિચાલન કાર્યક્ષમતામાં વધારો થાય. તેમણે એમ પણ જણાવ્યું હતું કે પ્રોજેક્ટ્સનું નિયમિત નિરીક્ષણ કરવામાં આવે અને કાર્યસ્થળ પર સલામતીના ધોરણોનું પાલન એ ટોચની પ્રાથમિકતાની સાથે સુનિશ્ચિત કરવામાં આવે. બેઠક દરમિયાન, શ્રી ગુપ્તાએ અમદાવાદ ડિવિઝન માં ગેજ રૂપાંતર અને નવી રેલ લાઈન નિર્માણ પ્રોજેક્ટ્સની પ્રગતિ પર પણ ખાસ ધ્યાન આપ્યું. તેમણે વિસ્તૃત રૂપે જાણ્યું કે કયા સેક્સનમાં કેટલું કામ પૂર્ણ થયેલુ છે, કેટલું કાર્ય બાકી છે અને નિર્ધારિત સમયમાં તેને પૂર્ણ કરવાની યોજના શું છે.

## ઝાલોદ વેલપુરા રોડ પર સિમેન્ટ બનાવવાના પત્થર લઈ જતું ટ્રક પલ્ટી ખાધું : ડ્રાઈવરનો આબાદ બચાવ

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 05**

ઝાલોદ તાલુકાના વેલપુરા રોડ પર હરિયાણા પાસીંગ ટ્રક HR-38-AG-3881 નંબરનુ ટ્રક પલટી ખાઈ ગયેલ છે. સાંભળવા મળેલ સૂત્રો મુજબ આ ટ્રક રાજસ્થાનના નીંબાહેડા થી સિમેન્ટ બનાવવાના પથ્થર લઈને ઝાલોદ થઈ બાલાસિનોર તરફ જઈ રહેલ હતું. ત્યારે આજરોજ 06-11-2025 ના રોજ વહેલી સવારે વેલપુરા રોડ પર ટ્રકના



ટાયર ફાટી જતાં ટ્રકના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધેલ હતો જેને લઈ આ ટ્રક પલટી ગયેલ હોવાનું જાણવા મળેલ છે. આ ટ્રક પલટી ખાઈ જતાં લાઈટના થાંભલાને પણ નુકશાન થયેલ છે. જાણવા મળેલ સૂત્રો મુજબ આ ટ્રકમા ફક્ત એક વ્યક્તિ હતો જે ટ્રક ચલાવી રહેલ હતો જેમાં ટ્રક ચાલકનો આબાદ બચાવ થયેલ છે અને તેને શરીરે નાની મોટી ઈજાઓ થયેલ છે. સદનસીબે સવારના સમય દરમ્યાન કોઈ ટ્રાફિક ન હોવાથી મોટી જાનહાનિ અટકી હતી. ઝાલોદ પોલીસને આ અંગે માહિતી મળતા તાત્કાલિક સ્થળ પર આવી પહોંચેલ હતી.

## ઝાલોદ પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા વિશાળ શાંતિ પદયાત્રા યોજવામાં આવી

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 05**

વૈશ્વિક શાંતિના વિશાળ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝ ગુજરાત દ્વારા ડાયમંડ જ્યુબિલી વર્ષ 2025 ઉજવી રહેલ છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતમાં બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયના 60 વર્ષ પૂર્ણ થયેલ છે તે માટે ગુજરાતના તમામ કેન્દ્રો પર વિશાળ સ્તરે કરવામાં આવેલ છે. ગુજરાતના 500 જેટલા શહેરો, નાગરોમાં તથા 5000 જેટલા ગામોમાં આયોજિત આ શાંતિ પદયાત્રામા બ્રહ્માકુમારીઝના શ્વેત વસ્ત્રધારી સેંકડો રાજયોગી ભાઈ Iબહેનો એક



જ દિવસે...એક જ સમયે... મૌનના મંત્ર સાથે શાંતિદૂત બનીને પદયાત્રામા સામિલ થયેલ હતા. તે અંતર્ગત ઝાલોદ પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના મીતાદીદી દ્વારા હીરક જયંતીના દિવસે વિશ્વમાં શાંતિમય સંસારના નિર્માણ હેતુ નગરમાં શાંતિ પદયાત્રા યોજી હતી. આ પદયાત્રા નગરના અલગ અલગ રાજમાર્ગો પર શાંતિ મંત્ર સાથે નીકળી હતી. આનો મુખ્ય ઉદ્દેશ વિશ્વની અંદર શાંતિનો ફેલાવો થાય, વિશ્વની અંદર પ્રકૃતિના પાંચ તત્ત્વો અને સર્વ મનુષ્ય આત્મા શાંતિ થી જીવે એટલા માટે આ શાંતિ મૌન રાખી દરેક ભાઈ બહેનો પોતાના જીવનમાં પાંચ મિનિટ પરમાત્માને શાંતિ પૂર્વક યાદ કરે અને પૂરા વિશ્વને શાંતિની રાહ ચીંધી શાંતિનો સંદેશ પાઠવે તેઓ મુખ્ય આશય છે.

# મહેસાણા સ્ટેશનનું પુનર્વિકાસ કાર્ય ઝડપી પ્રગતિ પર, યાત્રીઓને મળશે અત્યાધુનિક સુવિધાઓ અને બહેતર મુસાફરીનો અનુભવ

**અમદાવાદ, તા. 05**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના મહેસાણા રેલવે સ્ટેશનનું અમૃત ભારત સ્ટેશન યોજના (એબીએસએસ) હેઠળ ઝડપથી રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. આ યોજનાનો ઉદ્દેશ્ય સ્ટેશનને ન માત્ર મુસાફરો માટે વિશ્વ કક્ષાની સુવિધાઓથી સજ્જ કરવાનો છે પરંતુ તેને શહેરના વિકાસ, કનેક્ટિવિટી અને આર્થિક પ્રવૃત્તિ માટે મુખ્ય કેન્દ્ર બનાવવાનો પણ છે. પુનર્વિકાસ પછી, મહેસાણા સ્ટેશન એક મલ્ટિમોડલ ટ્રાન્ઝિટ હબ તરીકે ઉભરી આવશે,જ્યાં આધુનિકતા, સુવિધા અને સૌંદર્યનો સુંદર સંગમ જોવા મળશે.

**નવું સ્ટેશન બિલ્ડીંગ (પૂર્વ દિશા) - નિર્માણધીન**

મહેસાણા સ્ટેશનની પૂર્વ દિશામાં સ્થિત નવા સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. બિલ્ડિંગના ફસાડનું સૌંદર્યકરણ કરવામાં આવી રહ્યું છે, જેનાથી સ્ટેશનનું બહારનું દ્રશ્ય વધુ આધુનિક અને આકર્ષક લાગશે.

સર્ક્યુલેટિંગ એરિયા પૉર્ચ, વેઈટિંગ રૂમ, બુકિંગ ઓફિસ, ટિકિટ ચેકિંગ સ્ટાફ ઓફિસ, પૂછપરછ કાર્યાલય, અને વાહન સંચાલન માટે સરળ વ્યવસ્થાઓ સામેલ હશે.

અધિકારીઓ માટે વિશ્રામગૃહ, 03 રિટાયરીંગ રૂમ, ડોરમીટરી, સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ અને સ્વચ્છ શૌચાલયોની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે જેથી યાત્રીઓ અને રેલવે કર્મચારીઓ બંનેને સુવિધા મળી શકે.

**મુખ્ય કાર્યો અને પ્રગતિની સ્થિતિ**

મુખ્ય પ્રવેશદ્વાર પર ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર પાર્કિંગનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

બીજા પ્રવેશદ્વારના સ્ટેશન બિલ્ડીંગમાં બુકિંગ ઓફિસ અને એસી/નોન-એસી વેઈટિંગ હોલનું કામ ચાલુ છે.

મુસાફરોની સલામત અવરજવરને સરળ બનાવવા માટે, સ્ટેશનની બંને બાજુ સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે 40



ફૂટ પહોળો રૂફ પ્લાઝા બનાવવામાં આવી રહ્યો છે. આ રાણી કમલાપતિ સ્ટેશન પર રૂફ પ્લાઝામાંથી મેળવેલા અનુભવ પર આધારિત છે.

પ્લેટફોર્મ 4 અને 5 પર શેલ્ટર નિર્માણનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને તેને દિવ્યાંગજન - અનુકૂળ બનાવવામાં આવ્યા છે.

**આધુનિક યાત્રી સુવિધાઓ**

મહેસાણા સ્ટેશનના પુનર્વિકાસ પછી યાત્રીઓને અનેક સુવિધાજનક તથા અત્યાધુનિક સુવિધાઓ પ્રાપ્ત થશે.

કુલ 08 પ્લેટફોર્મ અને 12 રેલ લાઈનો, જેમાંથી 02 ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડીએફ સી) માટે આરક્ષિત છે.

સ્ટેશન પર 02 ફૂટ ઓવરબ્રિજ અને 04 લિફ્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

યાત્રીઓના આરામ માટે એસી, નોન-એસી અને મહિલા વેઈટિંગ રૂમ બનાવવામાં આવી રહ્યા છે.

દરેક પ્લેટફોર્મ પર 28-28 સ્ટેનલેસ સ્ટીલ બેન્ચ લગાવવામાં આવી રહી છે, સાથે જ કોચ ગાઈડન્સ સિસ્ટમ પ્લેટફોર્મ નં. 1, 4/5 અને 6/7 પર લગાવવામાં આવી રહી છે.

યાત્રીઓની સુવિધા માટે, ફૂડ પ્લાઝા, વન સ્ટેશન વન પ્રોડક્ટ સ્ટોલ, જન ઔષધિ કેન્દ્ર, એટીએમ, એટીવીએમ, લગેજ ટ્રોલી અને વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્ટેશન પરિસરમાં ઉચ્ચ-રિઝોલ્યુશન સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

ડોરમીટરી, રિટાયરીંગ રૂમ, બુકિંગ ઓફિસ અને પૂછપરછ કેન્દ્રનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે.

યાત્રીઓને એક અનોખો અનુભવ પ્રદાન કરવા માટે 'રેસ્ટોરન્ટ્ ઓન વ્હીલ્સ' ની સ્થાપવાકરવાની યોજના પણ પ્રસ્તાવિત છે.

**ટ્રેનોનું સંચાલન અને ટ્રાફિક**

મહેસાણા સ્ટેશન પશ્ચિમ રેલવેનું એક મુખ્ય સ્ટેશન છે જ્યાં–

દરરોજ 38 સુપરફાસ્ટ, 23 મેલ/એક્સપ્રેસ અને 10 લોકલ ટ્રેનો રોકાય છે.

06 ટ્રેનો મહેસાણાથી ઉપડે છે.

દરરોજ આશરે 12,000 યાત્રીઓ આ સ્ટેશનથી યાત્રા કરે છે.

**યાત્રીઓ અને પ્રદેશ માટે લાભો**

મહેસાણા સ્ટેશનના પુન:વિકાસથી યાત્રીઓને સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક યાત્રા અનુભવ મળશે. સ્ટેશન પરિસરમાં વિકસાવવામાં આવી રહેલી નવી સુવિધાઓ સ્થાનિક વ્યવસાય, પર્યટન અને રોજગારને પણ વેગ આપશે. આ પ્રોજેક્ટ શહેર અને આસપાસના વિસ્તારોને બેહતર રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે, જે પ્રાદેશિક વિકાસને નવી ગતિ આપશે.મહેસાણા સ્ટેશનનું આ પરિવર્તન સ્થાનિક રહેવાસીઓ માટે આર્થિક પ્રગતિ, સુવિધા અને ગૌરવમાં એક નવો અધ્યાય સિદ્ધ થશે, જે 'નવા ભારત ના આધુનિક રેલવે સ્ટેશન' ના વિઝનને સાકાર કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

મતદારયાદી ખાસ સઘન સુધારણા(SIR) ઝૂંબેશ-અમદાવાદ જિલ્લો

## SIR સંદર્ભે અમદાવાદ જિલ્લાના નાગરિકોને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજીત કુમારનો ખાસ સંદેશ

**ગાંધીનગર, તા. 05**

અમદાવાદ શહેર-જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા (SIR)નો પ્રારંભ થયો છે. ત્યારે આ સંદર્ભે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજીત કુમારે જિલ્લાના નાગરિકોને ખાસ સંદેશો પાઠવી અપીલ કરી છે.

શ્રી સુજીત કુમારે જણાવ્યું હતું કે, તા. ૪ નવેમ્બરથી શરૂ થયેલી મતદારયાદી ખાસ સઘન સુધારણા(SIR)ની ઝૂંબેશ આ પ્રક્રિયા ૪ ડિસેમ્બર સુધી ચાલશે જેમાં શહેર-જિલ્લાની ૨૧ વિધાનસભાના ૬૨,૫૯,૬૨૦ મતદારો માટે કુલ ૫૫૨૪ BLO ફોર્મ વિતરણની કામગીરીમાં જોડાયા છે. વધુમાં, શ્રી સુજીત કુમારે SIRની મુખ્ય પ્રક્રિયાઓ અને સમયરેખા વિશે જણાવ્યું હતું. BLO દ્વારા મતદારોના ઘરે ઓછામાં ઓછી ત્રણ મુલાકાત લઈ, એન્યુમરેશન ફોર્મનું વિતરણ અને ગણતરી તથા મૃતકો, કાયમી સ્થળાંતર થયેલા અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ કરાશે. વધુમાં, તેમણે ઉમેર્યું કે આ સમગ્ર પ્રક્રિયા માટે BLOને ખાસ તાલીમ આપવામાં આવી છે. ત્યાર બાદ આગળની પ્રક્રિયા વાંધા અને સૂચનો માટે રહેશે તેવું તેમણે જણાવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજીત કુમારે વધુમાં કહ્યું કે, SIRની આ સમગ્ર પ્રક્રિયા ૭ ફેબ્રુઆરીએ પૂર્ણ થશે અને વિવિધ રાજકીય પક્ષો પણ આ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. અશક્ત, દિવ્યાંગ ઉમેદવારો માટે પણ ખાસ સ્વયંસેવકોની નિમણૂક કરાઈ છે તેમ તેમણે કહ્યું હતું. આ ઉપરાંત, તેમણે EROs/AEROs દ્વારા કરવાની કામગીરી વિશે પણ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આ પ્રક્રિયામાં મતદારોને કોઈ પણ પ્રકારના ડોક્યુમેન્ટ આપવાના રહેશે નહીં અને ફક્ત ફોર્મ ભરીને પરત કરવાનું રહેશે. ત્યારે આ સમગ્ર કામગીરીમાં જિલ્લા ચૂંટણી તંત્રના કર્મયોગીઓને જરૂરી સહકાર આપવા જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ નાગરિકોને અપીલ કરી હતી.

# ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી આગામી તા. ૯ નવેમ્બરથી શરૂ થશે: કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**

- **ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની મગફળી મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરાશે**
- **રાજ્યમાં મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને લઈ પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળીની ખરીદી કરવાનો ઉદારતમ નિર્ણય**
- **સોયાબીનનો ટેકાનો ભાવ રૂ. ૫,૩૨૮ પ્રતિ કિવ. ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો.**



**ગાંધીનગર, તા. 05**

ગુજરાત સરકારે ખેડૂતોના હિતમાં કરેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતી આપતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની આગામી તા. ૯ નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને આર્થિક નુકશાનથી બચાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ટેકાના ભાવમાં ચાલુ વર્ષે નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે મગફળીના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૮૦, અડદના ભાવમાં રૂ. ૪૦૦ અને સોયાબીનના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૩૬ નો ભાવવધારો કરવામાં આવ્યો છે. ભાવ વધારા સાથેનો પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે.

કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત ચાલુ સીઝનમાં રાજ્યના ખેડૂતો પાસેથી આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી રાજ્યના ખેડૂતોએ ઓછા બજાર ભાવમાં પોતાની જણષ વેચવી નહીં પડે.

રાજ્યમાં ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને રાખીને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી ખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્યમાં કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને મગફળી મગ, અડદ અને સોયાબીન માટે ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે, જ્યાંથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જરૂરિયાત જણાય તો કેન્દ્રોની સંખ્યા હજુ પણ વધારવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર મગફળીનો ટેકાનો ભાવ રૂ. ૭,૨૬૩ પ્રતિ કિવ., મગનો ટેકાનો ભાવ રૂ. ૮,૭૬૮ પ્રતિ કિવ., અડદનો ટેકનો ભાવ રૂ. ૭,૮૦૦ પ્રતિ કિવ. અને સોયાબીનનો ટેકાનો ભાવ રૂ. ૫,૩૨૮ પ્રતિ કિવ. ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો.

## 2028 ઓલિમ્પિક ગેમ્સમાંથી મીરાબાઈની વેઈટ કેટેગરી હટી



મુબઈ, તા. 05

ભારતની સ્ટાર વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુને લોસ એન્જલસ ઓલિમ્પિકમાં નવી વેઈટ કેટેગરીમાં ભાગ લેવો પડશે. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)એ 2028 ટુર્નામેન્ટમાંથી મીરાબાઈની વેઈટ કેટેગરી દૂર કરી દીધી છે. વધુમાં, LA ઓલિમ્પિક આયોજન સમિતિએ પણ નવી વજન કેટેગરી જાહેર કરી છે. મીરાબાઈએ ટોકિયો ઓલિમ્પિકમાં 49 કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં તે જ કેટેગરીમાં ચોથા સ્થાને રહી હતી. જોકે, નવી યાદીમાં તેની વેઈટ કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. LA ઓલિમ્પિકમાં પુરુષો અને સ્ત્રીઓ બંને માટે છ વેઈટ કેટેગરી છે. એશિયન ગેમ્સ પછી મીરાબાઈ 53 કિગ્રા વેઈટ કેટેગરીમાં સ્પર્ધા શરૂ કરશે વેઈટલિફ્ટિંગના મુખ્ય કોચ વિજય શર્માએ જણાવ્યું હતું કે, 'આ ફેરફાર મીરાબાઈ માટે ફાયદાકારક રહેશે. હવે, તેમના માટે 48 કિલોગ્રામ વજન સુધી પહોંચવું ખૂબ જ મુશ્કેલ હતું, અને તેનાથી તેમના શરીર પર ઘણો ભાર પડતો હતો. 53 કિલોગ્રામમાં સ્પર્ધા કરવાથી તેમને તેમની શક્તિ વધારવામાં અને સ્નાયુઓ બનાવવામાં મદદ મળશે.' શર્માએ જણાવ્યું હતું કે મીરાબાઈ આવતા વર્ષની એશિયન ગેમ્સ સુધી તેમની જૂની કેટેગરીમાં સ્પર્ધા કરવાનું ચાલુ રાખશે, અને તે પછી, તે ધીમે ધીમે 53 કિલોગ્રામ કેટેગરી માટે તૈયારી શરૂ કરશે. મીરાબાઈએ CWG અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 48 કિગ્રા વર્ગમાં ભાગ લીધો હતો.

# વર્લ્ડકપ જીત્યા પછી હરમનપ્રીત-સ્મૃતિએ ટ્રોફીનું ટેટૂ બનાવ્યું : ઈન્ડિયન કેપ્ટને '52', મંધાનાએ '2025' લખાવ્યું

મુબઈ, તા. 05

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત અને વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના પોતાના ટેટૂ બતાવી રહી છે. 2 નવેમ્બરના રોજ વુમન્સ ODI વર્લ્ડ કપ જીત્યા બાદ, ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર અને વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાનાએ વર્લ્ડ કપ ટ્રોફીનું ટેટૂ કરાવ્યું. હરમને બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર તેના ટેટૂનો ફોટો પોસ્ટ કર્યો. તેના પર '2025' અને '52' લખેલું છે. આ 2025ના મહિલા ODI વર્લ્ડ કપ અને ફાઈનલમાં ભારતની 52 રનની જીત તેમજ 1973 પછી મહિલા વર્લ્ડ કપના 52 વર્ષનું પ્રતિનિધિત્વ કરે છે. હરમને પોતાની પોસ્ટમાં લખ્યું, 'હું પહેલા દિવસથી જ આ (ટ્રોફી)ની રાહ જોઈ રહી હતી.' દરમિયાન, બુધવારે BCCIએ બહાર પાડેલા એક વીડિયોમાં સ્મૃતિ મંધાનાનું ટેટૂ દર્શાવ્યું હતું. તેના હાથ પર ટ્રોફી અને '2025' શબ્દો લખેલા હતા. નીચે ફોટોઝમાં તેમના ટેટૂ જુઓ...

1. ઈન્ડિયન કેપ્ટન હરમનપ્રીતનું ટેટૂ... સ્મૃતિ મંધાનાનો આ ટ્રેટુ BCCIએ પોસ્ટ કરેલા એક વીડિયોમાં જોવા મળ્યો હતો. વુમન્સ ટીમ આજે PM મોદીને મળશે. વડાપ્રધાન ટીમ સાથે ડિનર કરશે વુમન્સ વર્લ્ડ કપ 2025 જીત્યાના ત્રણ દિવસ પછી, ભારતીય મહિલા ટીમ PM નરેન્દ્ર મોદીને મળશે. ટીમ આજે સાંજે પીએમ મોદી સાથે ડિનર કરશે. ખેલાડીઓ મુંબઈથી સ્પેશિયલ ફ્લાઈટમાં દિલ્હી પહોંચી છે.

આ બેઠક અંગે ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ કહ્યું, 'અમે ટૂંક સમયમાં નક્કી કરીશું કે અમે વડાપ્રધાન મોદીને ટીમ તરીકે શું ભેટ આપીશું. સાઈન કરેલી ટીમની જર્સી કે બેટ.' PMએ સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા હતા વર્લ્ડ કપ જીત બાદ, વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પર ખેલાડીઓને અભિનંદન આપ્યા. PM મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2025ની ફાઈનલમાં ભારતીય ટીમની



શાનદાર જીત. ફાઈનલમાં તેમનું પ્રદર્શન અદ્ભુત કૌશલ્ય અને આત્મવિશ્વાસથી ભરેલું હતું. ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર ટીમવર્ક અને દ્રઢતા દર્શાવી. આપણા ખેલાડીઓને અભિનંદન.

આ ઐતિહાસિક જીત ભવિષ્યના ચેમ્પિયન ખેલાડીઓને રમતગમતમાં જોડાવા માટે પ્રેરણા આપશે.' BCCIએ ટીમને 51 કરોડ રૂપિયાની ગ્રાન્ટની જાહેરાત કરી BCCIએ ટીમ માટે 51 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી. બોર્ડે સોમવારે ટીમના ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને પસંદગી સમિતિ માટે 51 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી. BCCI પ્રમુખ મિથુન મનહાસે એક નિવેદનમાં જણાવ્યું હતું, 'બોર્ડ વતી,

હું ભારતીય મહિલા ક્રિકેટ ટીમને આ ઐતિહાસિક વર્લ્ડ કપ જીત બદલ અભિનંદન પાઠવું છું. ટીમની હિંમત, પ્રતિભા અને એકતાએ સમગ્ર રાષ્ટ્રની આશાઓ વધારી છે.' સાઉથ આફ્રિકાને 52 રને હરાવીને પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો ભારતની મહિલા ટીમે રવિવારે (2 નવેમ્બર) નવી મુંબઈમાં ડીવાય પાટીલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે રમાયેલી ફાઈનલમાં સાઉથ આફ્રિકાને 52 રનથી હરાવીને વર્લ્ડ કપ જીત્યો. 87 રન બનાવનાર અને બે મહત્વપૂર્ણ વિકેટ લેનાર 21 વર્ષીય શેફાલી વર્માને પ્લેયર ઓફ ધ ફાઈનલ જાહેર કરવામાં આવી. ડીવાય પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાએ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતે 7 વિકેટે 298 રન બનાવ્યા. શેફાલીએ 87, દીપ્તિ શર્માએ 58, સ્મૃતિ મંધાનાએ 45 અને રિચા ઘોષે 34 રન બનાવ્યા. સાઉથ આફ્રિકા તરફથી આયાબોંગા ખાકાએ ત્રણ વિકેટ લીધી. ઈજાગ્રસ્ત ખેલાડી તરીકે આવેલી શેફાલી વર્માએ 87 રનની ઈનિંગ રમી. વિશાળ ટાર્ગેટને ચેઝ કરતી વખતે, સાઉથ આફ્રિકા 246 રનમાં ઓલઆઉટ થઈ ગયું. કેપ્ટન લૌરા વોલ્વાર્ટે 101 રન બનાવ્યા પરંતુ ટીમને જીત તરફ દોરી જાય તે પહેલાં જ તે આઉટ થઈ ગઈ. ભારતની પાર્ટ-ટાઈમ ઑફ-સ્પિનર, શેફાલી વર્માએ બે વિકેટ લઈને મેચનું પાસું ફેરવી દીધું. આ દરમિયાન, દીપ્તિ શર્માએ પાંચ વિકેટ લઈને ટીમનો વિજય સુનિશ્ચિત કર્યો. દીપ્તિને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવી.





# હાર્દિક-માહિકાનો બીચ રોમાન્સ જોરદાર વાઈરલ વેકેશનમાં પંડ્યા લેમ્બોર્ગિની ધોતાં-ધોતાં રોમેન્ટિક થયો

મુંબઈ, તા. 05

ઈન્ડિયન ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પોતાના જીવનના એક નવા અને ખુશખુશાલ તબક્કામાં નજરે પડી રહ્યો છે. વર્ષ 2024માં નતાશા સ્ટેનકોવિકથી ડિવોર્સ પછી ક્રિકેટરને મોડેલ અને અભિનેત્રી માહિકા શર્મા સાથે ક્વોલિટી ટાઈમ વિતાવતા જોવામાં આવ્યો છે.

મંગળવારે હાર્દિકે ઈન્સ્ટાગ્રામ પર કેટલીક કેન્ડિડ તસવીરો શેર કરી, જે તરત જ ઈન્ટરનેટ પર ઝડપથી વાઈરલ થઈ રહી છે. એક વીડિયોએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું. એમાં તે માહિકા સાથે લેમ્બોર્ગિની ધોતા નજરે પડી રહ્યો છે, આ પછી માહિકાએ હાર્દિકને કિસ કરી.

પંડ્યા પ્રોફેશનલ અને પર્સનલ લાઈફની મુશ્કેલીના તબક્કામાંથી બહાર આવ્યો હાર્દિકે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં શેર કરેલી તસવીરોની આ સિરીઝમાં તેમની રજાઓની પણ પળો સામેલ હતી, જ્યાં હાર્દિક પોતાના દીકરા અગસ્ત્ય સાથે સમય વિતાવતા જોવા મળ્યો. હાર્દિક છેલ્લા ઘણા સમયથી ખૂબ જ પરેશાન રહ્યો છે. તે પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ બંનેમાં મુશ્કેલીમાં હતો. એક તરફ પત્ની નતાશાથી તેના ડિવોર્સની વાતોએ ચર્ચા જગાવી હતી. તો બીજી તરફ મુંબઈ ઈન્ડિયન્સમાં આવ્યા પછી તેની સતત આલોચના થઈ રહી હતી. અહીં સુધી કે વાનખેડે સ્ટેડિયમમાં તેને હૂટિંગ (તેનો હુરિયો બોલાવ્યો)નો સામનો કરવો પડ્યો હતો.જોકે તેના પછી તરત જ સ્ટાર ઓલરાઉન્ડરે T20 વર્લ્ડ કપની જીતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપીને બધાનું દિલ ફરીથી જીતી લીધું. આ ઉપરાંત તે પર્સનલ લાઈફમાં પણ હવે ઘણો આગળ વધી ચૂક્યો છે.બંનેએ સાથે ઊજવ્યો જન્મદિવસ હતો હાર્દિક પંડ્યાએ 11 ઓક્ટોબરના રોજ પોતાનો 32મો જન્મદિવસ મનાવ્યો, જે તેણે માલદીવ્સમાં પોતાની 24 વર્ષીય ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે ખાસ અંદાજમાં સેલિબ્રેટ કર્યો હતો. માહિકાએ આ અવસરે હાર્દિકની તસવીર શેર કરતાં કેક, તાજના ઈમોજી સાથે જન્મદિવસની શુભેચ્છાઓ આપી. પોતાની સ્ટોરીમાં તેણે 'ડેડીઝ હોમ' સોંગ પણ લગાડ્યું. અન્ય એક પોસ્ટમાં માહિકાએ એક બાથટબની તસવીર શેર કરી, જેમાં 'હેપી બર્થ-ડે' લખ્યું અને સાથે પિંક હાર્ટ ઈમોજી પણ હતું. આ સિવાય તેણે એક સુંદર બીચની તસવીર પણ શેર કરી છે, જેમાં બંને સમુદ્રકિનારે સમય વિતાવતાં નજર આવે છે.

# 'યામી ગૌતમે પાત્ર ભજવ્યું નહીં જીવ્યું છે'



■ સુપર્ણ વર્માનું દિગ્દર્શન આ ફિલ્મનો આત્મા છે. આટલો સંવેદનશીલ અને વિચારપ્રેરક વિષય પસંદ કરવો અને તેને ઓવરડ્રામા વિના સત્યતાથી રજૂ કરવો એ કોઈ સરળ કાર્ય નહોતું.

મુંબઈ, તા. 05

ફિલ્મ 'હક' ના નિર્માતાઓએ શરૂઆતથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે, આ ફિલ્મ જિજ્ઞા વોરાના પુસ્તક 'બાનો ભારત કી બેટી' નું કાલ્પનિક રૂપાંતર છે અને શાહ બાનો કેસથી પ્રેરિત છે. વર્ષોથી ચર્ચાના કેન્દ્રમાં રહેલો વિષય છે મહિલાઓના અધિકારો માટેનો સંઘર્ષ, ધર્મ, સમાજ અને કાયદામાં નેવિગેટ થવું. દિગ્દર્શક સુપર્ણ વર્મા આ સંવેદનશીલ વિષયને ભાવના અને વાસ્તવિકતાના મિશ્રણથી ગૂંથે છે. ફિલ્મ જોતી વખતે, કોઈને ખ્યાલ આવે છે કે આ ફક્ત એક મહિલાની વાર્તા નથી, પરંતુ પેઢી દર પેઢી ઘણી મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા સંઘર્ષોની વાર્તા છે. શાઝિયા બાનો (યામી ગૌતમ) તેના પતિ અબ્બાસ ખાન (ઈમરાન હાશ્મી), બે પુત્રો અને એક પુત્રી સાથે સુખી જીવન જીવી રહી છે. પરંતુ જ્યારે અબ્બાસ ફરીથી લગ્ન કરે છે અને શાઝિયાને બાળકો સાથે છોડી દે છે, ત્યારે તેની દુનિયા તૂટી જાય છે. શરૂઆતમાં, અબ્બાસ બાળકોનું ભરણપોષણ કરવાનું વચન આપે છે, પરંતુ જ્યારે તે પણ બંધ થઈ જાય છે, ત્યારે શાઝિયા સાંભળવાનો ઈનકાર કરે છે અને કાનૂની કાર્યવાહી કરે છે.

## તાન્યા મિત્તલે સિંગરને ભાઈ ગણાવતા ફરહાના ભડકી, કહ્યું- 'કોઈના પ્રત્યે આટલી ઝનૂની ના બનીશ'



રિયાલિટી શો 'બિગ બોસ 19' સતત ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ શોનો એક નવો પ્રોમો સામે આવ્યો છે, જેમાં ફરહાના તાન્યા મિત્તલ સાથે સિંગર અમાલ મલિક વિશે વાત કરતી જોવા મળે છે. તે કહે છે કે, 'તું પહેલા તો કદાચ અમાલને ભાઈ માનતી નહોતી.' પ્રોમો વીડિયોમાં, ફરહાના તાન્યાને કહે છે કે, 'અમાલની બહાર પણ એક દુનિયા છે. મને નથી લાગતું કે, તું ગઈકાલ પહેલા અમાલને ભાઈ માનતી હતી.' તેનો જવાબ આપતા તાન્યા કહે છે કે, 'તમને લોકોને નથી દેખાતો ભાઈ.' બાદમાં ફરહાના કહે છે કે, 'કોઈના પ્રત્યે આટલી બધી ઝનૂની ના બનો. તું અમાલની આસપાસ એક અલગ વ્યક્તિ બની જાય છે.' તાન્યા જવાબ આપે છે, 'મને અમાલની ચિંતા છે.' ફરહાના કહે છે, 'એટલી બધી ચિંતા ના બતાવ કે લોકો તને પાછળ પડી જનારી સમજશે.' તેના જવાબમાં તાન્યા કહે છે કે, 'મારા માટે તે અગત્યનું નથી. હું તેનું ધ્યાન રાખી રહી છું, તે મારી ખુશી છે.' ફરહાના પૂછે છે, 'શું તને અમાલ માટે લાગણી છે?' નોંધનીય છે કે સોશિયલ મીડિયા પર અમાલ અને તાન્યાની નિકટતા અંગે ઘણી ચર્ચા થઈ હતી. સલમાન ખાને 'વીકેન્ડ કા વાર'માં તાન્યા મિત્તલને પૂછ્યું કે, 'તું અમાલ મલિકના કપડાં પહેરીને કેમ ફરે છે?' તાન્યાએ જવાબ આપ્યો કે, 'તે બિગ બોસ 19 ના આઈટી બોય જેવો દેખાતો હતો.' વધુમાં, અમાલે તાન્યાને તેની બહેન તરીકે ઓળખાવી. તાન્યાએ 'વીકેન્ડ કા વાર'માં એમ પણ કહ્યું કે, તે અમાલને ભાઈ માને છે.

## 'તમે વિજયના માલિક છો!' : જગપતિ બાબુએ આડકતરી રીતે રશ્મિકા મંદાનાને સગાઇ વિશે પૂછતા એક્ટ્રેસ શરમાઈ ગઈ



મુંબઈ, તા. 05

એક્ટ્રેસ રશ્મિકા મંદાના હાલમાં ફિલ્મો કરતાં તેના અંગત જીવનને કારણે વધુ સમાચારમાં છે. તાજેતરમાં, એક્ટ્રેસ તેની આગામી ફિલ્મ 'ગર્લફ્રેન્ડ'ના પ્રમોશન માટે એક્ટર જગપતિ બાબુના ટોક શો 'જયમ્મુ નિશ્ચયમુ રા'માં આવી હતી. આ કાર્યક્રમનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે એક વીંટી બતાવતી જોવા મળી રહી છે. ચાહકો માને છે કે તે તેની સગાઈની વીંટી છે. પ્રોમો વીડિયોમાં જગપતિ રશ્મિકાને પૂછે છે, ' વિજય દેવરાકોંડા સાથેની મિત્રતા, વિજય સેતુપતિની ચાહક અને થાલપતિ વિજયની ઓલટાઈમ ફેન? તેથી લાગે છે કે તમે 'વિજયમ' (સફળતા) અને વિજયના માલિક છો.' એટલું જ નહીં, જ્યારે જગપતિ બાબુએ રશ્મિકાને પૂછ્યું કે, શું તેણે પહેરેલી વીંટીઓ સાથે કોઈ લાગણીઓ જોડાયેલી છે? ત્યારે રશ્મિકાએ જવાબ આપ્યો, 'આ બધી ખૂબ જ મહત્વપૂર્ણ વીંટીઓ છે.' જગપતિ બાબુએ પછી ઉમેર્યું, ' પરંતુ મને ખાતરી છે કે આમાંથી એક વીંટી તમારી મનપસંદ છે અને તેનો પોતાનો ઈતિહાસ છે.' જોકે, વાતચીત દરમિયાન એક્ટ્રેસ હસતી જોવા મળી. તેણે કંઈ કહ્યું નહીં.

## 'બાહુબલી: ધ ઈટરનલ વૉર': મોત પછીનું મહાકાવ્ય!

મુંબઈ, તા. 05

'બાહુબલી'માં તમે અમરેન્દ્ર બાહુબલીને અંતે મરતા જોયો હશે. પરંતુ આ પાત્રની સ્ટોરી અહીં પૂરી થતી નથી. અમરેન્દ્ર બાહુબલી હવે પાછો આવી રહ્યો છે! આ વાતની જાહેરાત કરતું 'બાહુબલી: ધ ઈટરનલ વૉર'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. એસ.એસ. રાજામૌલી હવે તેમની મહાકાવ્ય વાર્તાને એનિમેશન દ્વારા આગળ વધારવા જઈ રહ્યા છે. 'બાહુબલી'ના 10 વર્ષની ઉજવણી કરવા માટે રાજામૌલીએ તેમની બંને ફિલ્મોને જોડીને 'બાહુબલી: ધ એપિક' નામથી તાજેતરમાં રિલીઝ કરી હતી. આ આઈકોનિક પાત્રની વાર્તાને ફરીથી થિયેટરોમાં અનુભવવા ગયેલા દર્શકોને એક મોટી સરપ્રાઈઝ મળી હતી. થિયેટરોમાં ફિલ્મની સાથે 'બાહુબલી: ધ ઈટરનલ વૉર'નું ટીઝર બતાવવામાં આવ્યું હતું, જે હવે આખરે ડિજિટલી પણ રિલીઝ કરવામાં આવ્યું છે. બાહુબલીના મોત બાદ શરૂ થશે નવી સ્ટોરી! અમરેન્દ્ર બાહુબલીનું પાત્ર 'બાહુબલી'ના પહેલાં ભાગમાં જ મૃત્યુ પામ્યું હતું. પરંતુ હવે આ વાર્તાનો મલ્ટિવર્સ બનવા જઈ રહી છે. 'બાહુબલી: ધ ઈટરનલ વૉર'ના ટીઝરમાં વાર્તા અમરેન્દ્રના મોતથી શરૂ થાય છે. મોત પછી તેનો આત્મા દેવલોકમાં જાય છે અને પૃથ્વીના વીર યોદ્ધાઓમાંથી એક અમરેન્દ્ર બાહુબલીને હવે તમે દેવાસુર સંગ્રામમાં લડતો જોશો. ટીઝરમાં વિષાસુર અને ઈન્દ્ર વચ્ચે યુદ્ધ થતું જોવા મળે છે. જ્યારે વિષાસુર નબળો પડવા લાગે છે, ત્યારે ભગવાન શિવના આશીર્વાદ પ્રાપ્ત કરીને આવેલા અમરેન્દ્ર બાહુબલીની એન્ટ્રી થાય છે.

## ગુજરાતી ફિલ્મ 'આવવા દે'નું ટીઝર રિલીઝ : રંગીન મિજાજી સિંગર અને સાદગીને સર્વોપરી માનતી યુવતીની ખાટી-મીઠી લવસ્ટોરી

મુંબઈ, તા. 05

ગુજરાતી ફિલ્મ 'આવવા દે'નું ટીઝર રિલીઝ થયું છે. એક્ટર પરીક્ષિત તમાલિયા અને એક્ટ્રેસ કુંપલ પટેલ એક સિંગર યુવક અને એમબીએ થયેલી યુવતીની ખાટી-મીઠી લવ સ્ટોરી લઈને 28 નવેમ્બરે સિનેમાઘરોમાં આવી રહ્યા છે. ટીઝરની શરૂઆત જૈમિન પંચમતિયા (પરીક્ષિત તમાલિયા) સાથે થાય છે. જૈમિન એક મ્યુઝિક આર્ટિસ્ટ છે અને એક સાથે ઘણી યુવતીઓ સાથે ફ્લર્ટ કરતો હોય છે. રંગીન મિજાજનો જૈમિન તેના ગિટાર વગાડવા અને સિંગિંગ પ્રત્યે પેશનેટ છે. તેને તેની આઝાદી ખૂબ જ પ્રિય છે. પરીક્ષિત તમાલિયાએ મ્યુઝિક પ્રત્યે પેશનેટ યુવક જૈનિમ પંચમતિયાનું પાત્ર ભજવ્યું છે. જ્યારે ફિલ્મની હીરોઈન જાનવી દેસાઈ (કુંપલ પટેલ)એ ગાંધીનગરથી એમબીએનો અભ્યાસ કર્યો છે. તેની સાદગી, સરળ સ્વભાવ અને આત્મવિશ્વાસ જૈમિનને સ્પર્શી જાય છે. જૈમિનને જાનવી પ્રત્યે ધીમે ધીમે સાચી લાગણીઓ થવા લાગે છે. 'પ્રેમનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે' ફિલ્મ મેકર્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મનું ટીઝર રિલીઝ કરીને લખ્યું છે કે, 'પ્રેમનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. જ્યારે પ્રેમ તમને શોધી લે છે, ત્યારે તમે તેને રોકતા નથી. તમે કહો છો, 'આવવા દે!' ગાંગાણી મોશન પિક્ચર્સ અત્યારસુધીની સૌથી મોટી



ગુજરાતી પ્રેમકથા લઈને આવી રહ્યા છે. એક એવી વાર્તા, જે તમને હસાવશે, રડાવશે, ગીત ગવડાવશે અને પ્રેમને પહેલાં ક્યારેય ન ઉજવ્યો હોય તે રીતે ઉજવશે. શું તમે પ્રેમમાં પડવા તૈયાર છો? કારણ કે આ વખતે પ્રેમ ગુજરાતીમાં વાત કરે છે- સાચો, વાસ્તવિક અને ક્યારેય ન ભૂલાય એવો. 'આવવા દે' એક ખાટી-મીઠી પ્રેમ કહાણી, તમારા દિલ જીતવા માટે 28 નવેમ્બર 2025ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે!'

## વ્યાજદરમાં 0.50%નો ઘટાડો થઈ શકે છે

# કોટક સિક્યોરિટીઝના મતે ફુગાવામાં ઘટાડો થવાને કારણે નિર્ણય શક્ય, RBIની બેઠક ડિસેમ્બરમાં યોજાશે

મુંબઈ, તા.05

આગામી મહિનાઓમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા રેપો રેટમાં 0.25-0.5% ઘટાડો જાહેર કરે તેવી અપેક્ષા છે. ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો અને તાજેતરના GST ઘટાડાની અસરને કારણે ફુગાવો મધ્યમ રહ્યો છે. કોટક સિક્યોરિટીઝના અહેવાલ મુજબ, આનાથી RBIને આર્થિક વિકાસને ટેકો આપવા માટે નાણાકીય નીતિ હળવી કરવાની તક મળશે.

અહેવાલમાં જણાવાયું છે કે ટેરિફ અને વેપાર સંબંધિત પડકારો હોવા છતાં, ઘટી રહેલો ફુગાવો આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે દર ઘટાડા માટે જગ્યા બનાવી રહ્યો છે. ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો થવાને કારણે સપ્ટેમ્બરમાં ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) આધારિત છૂટક ફુગાવો ઘટીને 1.54% થયો.

જ્યારે રેપો રેટ ઘટે છે, ત્યારે બેંકોને સસ્તી લોન મળે




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) જે દરે બેંકોને લોન આપે છે તેને રેપો રેટ કહેવામાં આવે છે. જ્યારે RBI રેપો રેટ ઘટાડે છે, ત્યારે બેંકોને સસ્તી લોન મળે છે, અને તેઓ આ લાભ તેમના ગ્રાહકોને આપે છે. આનો અર્થ એ છે કે આગામી દિવસોમાં હોમ અને ઓટો લોન 0.50% સુધી સસ્તી થઈ શકે છે. સંભવિત ઘટાડા પછી, 20 વર્ષની મુદતવાળી 20 લાખની લોન પર EMI 617 ઘટશે. તેવી જ રીતે, 30 લાખની લોન પર EMI 925 ઘટશે. નવા અને હાલના બંને ગ્રાહકોને ફાયદો થશે. 20 વર્ષમાં આ લાભ આશરે 1.48 લાખ થશે.

આ વર્ષે રેપો રેટ 3 વખત ઘટાડવામાં આવ્યો, 1% ઘટાડો, ફેબ્રુઆરીની બેઠકમાં RBIએ વ્યાજ દર 6.5% થી ઘટાડીને 6.25% કર્યા. લગભગ પાંચ વર્ષ પછી નાણાકીય નીતિ સમિતિ દ્વારા આ પ્રથમ દર ઘટાડો હતો.

એપ્રિલમાં યોજાયેલી બીજી બેઠકમાં પણ વ્યાજ દરમાં 0.25% ઘટાડો જોવા મળ્યો હતો. જૂનમાં, રેપો રેટ 0.5% ઘટાડીને 5.50% કરવામાં આવ્યો હતો. આનો અર્થ એ થયો કે નાણાકીય નીતિ સમિતિએ આ વર્ષે વ્યાજ દરમાં 1% ઘટાડો કર્યો છે.

### રિઝર્વ બેંક રેપો રેટમાં વધારો અને ઘટાડો શા માટે કરે છે?

કોઈપણ કેન્દ્રીય બેંક પાસે પોલિસી રેટના રૂપમાં ફુગાવા સામે લડવા માટે એક શક્તિશાળી સાધન હોય છે. જ્યારે ફુગાવો ખૂબ ઊંચો હોય છે, ત્યારે કેન્દ્રીય બેંક પોલિસી રેટ વધારીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે. જો પોલિસી રેટ વધારે હોય, તો સેન્ટ્રલ બેંક તરફથી લોન બેંકો માટે વધુ મોંઘી બનશે. બદલામાં, બેંકો તેમના ગ્રાહકો માટે લોન વધુ મોંઘી બનાવે છે. આનાથી અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઓછો થાય છે. જ્યારે નાણાંનો પ્રવાહ ઓછો થાય છે, ત્યારે માંગ ઘટે છે, જેના કારણે ફુગાવામાં ઘટાડો થાય છે. તેવી જ રીતે, જ્યારે અર્થતંત્ર મુશ્કેલ તબક્કામાંથી પસાર થાય છે, ત્યારે પુનઃપ્રાપ્તિ માટે નાણાં પ્રવાહમાં વધારો જરૂરી છે. આવી સ્થિતિમાં, કેન્દ્રીય બેંક પોલિસી રેટ ઘટાડે છે. આનાથી કેન્દ્રીય બેંક તરફથી બેંકોને લોન સસ્તી મળે છે, અને ગ્રાહકોને પણ સસ્તા દરે લોન મળે છે.

# સુઝલોનનો નફો 540% વધીને ₹1,279 કરોડ થયો

## બીજા ક્વાર્ટરમાં આવક 85% વધી, શેરે 1 મહિનામાં 11% રિટર્ન આપ્યું

નવી દિલ્હી, તા.05

સુઝલોન એનર્જીએ નાણાકીય વર્ષ 2025-26 ના બીજા ક્વાર્ટર (જુલાઈ-સપ્ટેમ્બર)માં નફો વાર્ષિક ધોરણે (YoY) 540% વધીને 1,279 કરોડ નોંધાવ્યો હતો. આ પહેલી વાર છે જ્યારે કંપનીએ આટલો નોંધપાત્ર નફો નોંધાવ્યો છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં, કંપનીનો કંસોલિડેટેડ નોટ પ્રોફિટ 200 કરોડ રહ્યો હતો.

સુઝલોન એનર્જીની કામગીરીમાંથી કંસોલિડેટેડ રેવન્યુ એટલે કે આવક વાર્ષિક ધોરણે 85% વધી છે. બીજા ક્વાર્ટરમાં કામગીરીમાંથી આવક 3,866 કરોડ હતી, જે એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં 2,093 કરોડ હતી.

સુઝલોનના શેરે 1 મહિનામાં 11% રિટર્ન આપ્યું, પરિણામો પછી, સુઝલોન એનર્જીના શેર 1.03% વધીને 60 પર ટ્રેડ થઈ રહ્યા છે. છેલ્લા એક મહિનામાં કંપનીના શેરમાં 11%નો વધારો થયો છે.




કંપનીનો શેર છેલ્લા વર્ષમાં 10% ઘટ્યો છે. છેલ્લા 6 મહિનામાં, શેર 5% વધ્યો છે. તેનું માર્કેટ કેપ 82.02 હજાર કરોડ છે.

સ્ટેન્ડઅલોન અને કંસોલિડેટેડ શું છે?, કંપનીના પરિણામો બે ભાગમાં આવે છે: સ્ટેન્ડઅલોન અને કંસોલિડેટેડ. સ્ટેન્ડઅલોન અહેવાલો એક જ યુનિટના નાણાકીય પ્રદર્શનને દર્શાવે છે. બીજી બાજુ, કંસોલિડેટેડ નાણાકીય અહેવાલ રિપોર્ટમાં સમગ્ર કંપનીનો રિપોર્ટ આપે છે.

સુઝલોન એનર્જીની સ્થાપના 1995માં થઈ હતી, સુઝલોન એનર્જીની સ્થાપના 1995માં થઈ હતી. વિશ્વભરના 17 દેશોમાં ટેકનોલોજી અને એનર્જી સોલ્યુસંસ પ્રોવાઈડ કરે છે. સુઝલોન એનર્જી 6 ખંડોમાં 13,000થી વધુ વિન્ડ ટર્બાઈનનું સંચાલન કરે છે.

# એક્સપાયર્ડ ફુડને નદી-તળાવોમાં ફેંકવા પર હવે સંપૂર્ણ પ્રતિબંધ

## સરકારે કહ્યું- ખાદ્ય સુરક્ષા અધિકારીઓ નિકાલનું નિરીક્ષણ કરશે, વીડિઓ રેકોર્ડિંગ થશે

નવી દિલ્હી, તા.05

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ જપ્ત કરાયેલ રિજેક્ટેડ અને એક્સપાયર્ડ થઈ ગયેલી ખાદ્ય ચીજોને નદીઓ, તળાવો અથવા ખુલ્લા વિસ્તારોમાં નિકાલ કરવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો છે. મંગળવાર, 4 નવેમ્બરના રોજ FSSAIએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કમિશનરોને એક આદેશ જારી કર્યો. સલાહમાં જણાવાયું છે કે નિકાલ પ્રક્રિયાનું નિરીક્ષણ ફૂડ સેફ્ટી ઓફિસર (FSO) અથવા અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવવું જોઈએ અને તેનું વીડિયો રેકોર્ડિંગ કરવું જોઈએ. નિકાલ પછી એક પ્રમાણપત્ર જનરેટ કરવું જોઈએ અને નિયુક્ત અધિકારી, ફૂડ સેફ્ટી કમિશનર અને ફૂડ બિઝનેસ ઓપરેટર (FBO)ને મોકલવું જોઈએ.

તાજેતરના સમયમાં એવા અનેક અહેવાલો આવ્યા છે કે જપ્ત કરાયેલ અથવા મુદત પૂરી થઈ ગયેલ ખોરાક નદીઓ અથવા ખુલ્લા ખેતરોમાં ફેંકવામાં આવી રહ્યો છે, જેના કારણે પાણી પ્રદૂષણ અને આરોગ્ય સમસ્યાઓ ઊભી થાય છે. FSSAIએ જણાવ્યું હતું કે આ માત્ર પર્યાવરણને નુકસાન પહોંચાડે છે, પરંતુ આવી વસ્તુઓને સપ્લાય ચેઈનમાં રિસાયકલ થવાનું જોખમ પણ મૂકે છે.

અગાઉ 21 ડિસેમ્બર, 2020ના રોજ ફૂડ રેગ્યુલેટરે સમાન માર્ગદર્શિકા જારી કરી હતી, જેનો હવે કડક અમલ કરવામાં આવશે. મીડિયા અહેવાલો અનુસાર, દુરુપયોગ અટકાવવા માટે કોર્ટ અથવા સંબંધિત અધિકારીના આદેશ પર જ નાશ કરવામાં આવશે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા માન્ય ઈન્સિનરેટરમાં બાળવાનું કામ કરવું




જોઈએ, જ્યાં સંપૂર્ણ બળવાના રેકોર્ડ જાળવવામાં આવે છે. બાયોડિગ્રેડેબલ કચરા માટે ખાતર બનાવવું અથવા લીચેટ નિયંત્રણ સાથે નિયુક્ત સેનિટરી લેન્ડફિલ્સમાં નિકાલ કરવો. જો વોલ્યુમ વધારે હોય, તો સ્થાનિક મ્યુનિસિપલ સત્તાવાળાઓ અથવા રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે સંકલન જરૂરી છે.

રાજ્યો તેમના વિસ્તારમાં નિકાલ સુવિધાઓની યાદી તૈયાર કરશે અને તેને કમિશનરને સુપરત કરશે. દર મહિનાની 5મી તારીખ સુધીમાં FSSAIને અનુપાલન અહેવાલો સુપરત કરવા આવશ્યક છે. જો કોઈ વિચલનો જોવા મળે તો તાત્કાલિક તેની જાણ કરવી આવશ્યક છે.

ફૂડ સેફ્ટી એટલે એવો ખોરાક જે આપણા સ્વાસ્થ્યને નુકસાન ન પહોંચાડે. સ્વચ્છતાનું ધ્યાન રાખતો હોવો જોઈએ, ખોરાક બગડેલો કે ભેળસેળવાળો ન હોવો જોઈએ અને તેને યોગ્ય રીતે સંગ્રહિત કરેલો હોવો જોઈએ. જો તે પેક કરેલ હોય તો તેના પર મેન્યુફેક્ચરિંગ ડેટ અને એક્સ્પાયરી ડેટ સ્પષ્ટપણે લખેલી હોવી જોઈએ. એડવોકેટ રવિ રંજન મિશ્રા કહે છે કે ભારતમાં દરેક વ્યક્તિને સલામત અને શુદ્ધ ખોરાકનો અધિકાર છે. આ માટે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006 બનાવવામાં આવ્યો છે. આ કાયદાનો હેતુ એ છે કે ખાદ્ય પદાર્થો સલામત અને સ્વસ્થ હોવા જોઈએ, તેમના ઉત્પાદન અને વેચાણ પર નિયમો હોવા જોઈએ અને લોકોને સ્વચ્છ ખોરાક મળવો જોઈએ.

# એરટેલે દરેક ગ્રાહક પાસેથી ₹23 વધુ કમાયા: બીજા ક્વાર્ટરનો નફો 89% વધીને ₹6,792 કરોડ થયો, એક વર્ષમાં સ્ટોક 30% વધ્યો...

મુંબઈ, તા.05

ટેલિકોમ કંપની ભારતી એરટેલ લિમિટેડે નાણાકીય વર્ષ 2025-26ના બીજા ક્વાર્ટરમાં 6,791.7 કરોડનો એકીકૃત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં 3,593.2 કરોડનો નફો નોંધાવ્યો હતો. આ વાર્ષિક ધોરણે 89%નો વધારો દર્શાવે છે.

જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ 52,145 કરોડની કામગીરીમાંથી આવક મેળવી હતી, જે એક વર્ષ અગાઉના 41,473 કરોડથી 25.73% વધુ છે. આવકનો અર્થ માલ અને સેવાઓના વેચાણમાંથી પ્રાપ્ત થતી રકમ થાય છે.

કંપનીએ બીજા ક્વાર્ટરમાં 9.5 લાખ નવા ગ્રાહકો ઉમેર્યા, એરટેલે ફાઈલિંગમાં જણાવ્યું હતું કે




પોસ્ટપેઈડ સેગમેન્ટમાં તેની સ્થિતિ મજબૂત થઈ છે. તેણે ક્વાર્ટરમાં 950,000 નવા ગ્રાહકો ઉમેર્યા છે, જેનાથી પોસ્ટપેઈડ યુઝર્સની કુલ સંખ્યા 27.5 મિલિયન થઈ ગઈ છે. વધુમાં, છેલ્લા 12 મહિનામાં સ્માર્ટફોન ડેટા યુઝર્સમાં 22.2 મિલિયનનો વધારો થયો છે, જે 8.4% વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે.

ક્વાર્ટરના અંતે, ભારતમાં 450 મિલિયન ગ્રાહકો હતા અને આફ્રિકામાં 174 મિલિયન ગ્રાહકો હતા, જેના કારણે 15 દેશોમાં કુલ યુઝર્સની સંખ્યા આશરે 624 મિલિયન થઈ ગઈ. કંપનીએ 57.4%ના EBITDA માર્જિન સાથે 29,919 કરોડનો એકીકૃત EBITDA નોંધાવ્યો.

### એરટેલ દેશની ત્રીજી સૌથી મોટી કંપની

એરટેલના શેર સોમવાર, 3 નવેમ્બરના રોજ 1.10% વધીને 2,077 પર બંધ થયા, જે તેના બીજા ક્વાર્ટર (જુલાઈ-સપ્ટેમ્બર 2025)ના પરિણામો પહેલા છે. ગયા મહિનામાં શેરમાં 9.51%, છ મહિનામાં 11.31% અને એક વર્ષમાં 30.53%નો વધારો થયો છે. એરટેલ બજાર મૂલ્યની દૃષ્ટિએ દેશની ત્રીજી સૌથી મોટી કંપની છે, જેનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડ છે.

### ભારતી એરટેલની શરૂઆત 1995માં થઈ હતી

ભારત સરકારે સૌપ્રથમ 1992માં મોબાઈલ સેવાઓ માટે લાઈસન્સનું વિતરણ શરૂ કર્યું. કંપનીના સ્થાપક સુનિલ મિત્તલે આ તકને ઓળખી અને ફ્રેન્ચ કંપની વિવેન્ડી સાથે ભાગીદારીમાં દિલ્હી અને આસપાસના વિસ્તારો માટે લાઈસન્સ મેળવ્યા. 1995માં મિત્તલે સેલ્યુલર સેવાઓ પ્રદાન કરવા માટે ભારતી સેલ્યુલર લિમિટેડની રચના કરી અને એરટેલ બ્રાન્ડ હેઠળ સંચાલન શરૂ કર્યું.

જુલાઈ-સપ્ટેમ્બરમાં ARPU 10% વધ્યો, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન એરટેલની સરેરાશ આવક પ્રતિ યુઝર્સ (ARPU) 10% વધીને 256 થઈ ગઈ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 233 હતી. ARPUએ યુઝર્સ દીઠ સરેરાશ આવકનો સંદર્ભ આપે છે.

આ સંખ્યા કુલ આવકને સક્રિય યુઝર્સ દ્વારા વિભાજીત કરીને મેળવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો આવક 1 મિલિયન હોય અને કંપનીના 1,000 યુઝર્સ હોય, તો ARPU 1,000 થશે. આ કંપનીને ગ્રાહક કેટલો નફો કરી રહ્યો છે તે નક્કી કરવામાં મદદ કરે છે. તે સેવા અથવા અપસેલ કેવી રીતે સુધારવું તેની પણ યોજના બનાવે છે.

## અદાણી એન્ટરપ્રાઈઝે ગ્રોસરી કંપની વિલ્મરની ભાગીદારી વેચી

# નફો 84% વધીને ₹3,199 કરોડ થયો, બીજા ક્વાર્ટરમાં આવક 6% ઘટી....

મુંબઈ, તા.05

અદાણી ગ્રુપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડે નાણાકીય વર્ષ 2026ના બીજા ક્વાર્ટરમાં 3,199 કરોડનો એકીકૃત ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે વાર્ષિક ધોરણે 84%નો વધારો દર્શાવે છે. ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં કંપનીનો નફો 1,741 કરોડ હતો. અદાણી એન્ટરપ્રાઈઝે તેની ગ્રોસરી કંપની, અદાણી વિલ્મરમાં તેનો હિસ્સો વેચી દીધો, જેના પરિણામે 3,583 કરોડનો નફો થયો. આ એક વખતનો નફો પણ કંપનીના બીજા ક્વાર્ટરના નફામાં સામેલ છે.

જોકે, કંપનીની કામગીરીમાંથી સંયુક્ત આવક જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 6% ઘટીને રૂ. 21,249 કરોડ થઈ છે જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 22,608 કરોડ હતી.



કંપનીએ બીજા ક્વાર્ટર દરમિયાન કુલ 21,844 કરોડની આવક નોંધાવી હતી, જે વાર્ષિક ધોરણે 5.82%નો વધારો દર્શાવે છે. ગયા વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ 23,196 કરોડની કમાણી કરી હતી.

કંપની 25,000 કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરશે

પરિણામોની સાથે કંપનીના ડિરેક્ટર બોર્ડે આંશિક રીતે ચૂકવેલ ઈક્વિટી શેર દ્વારા 25,000 કરોડ (આશરે $250 બિલિયન) સુધીનું ભંડોળ એકત્ર કરવા માટે રાઈટ્સ ઈશ્યૂની પણ જાહેરાત કરી.

આ શેરની ફેસ વેલ્યુ પ્રતિ શેર 1 હશે. કંપનીએ જણાવ્યું હતું કે ફક્ત લાયક શેરધારકો જ રાઈટ્સ ઈશ્યૂમાં ભાગ લઈ શકશે. આ માટેની રેકોર્ડ તારીખ પછીથી નક્કી કરવામાં આવશે.

કંપનીના પરિણામો બે ભાગમાં આવે છે: એકલ અને એકીકૃત. એકલ અહેવાલો એક જ એન્ટિટીના નાણાકીય પ્રદર્શનને દર્શાવે છે, જ્યારે એકીકૃત નાણાકીય અહેવાલો સમગ્ર કંપનીનો વ્યાપક દૃષ્ટિકોણ પૂરો પાડે છે.

આજે ત્રિમાસિક પરિણામોની જાહેરાત પહેલા અદાણી એન્ટરપ્રાઈઝના શેર 2.72% વધીને 2,399 પર બંધ થયા. કંપનીનો શેર એક મહિનામાં 7%, છ મહિનામાં 2% અને એક વર્ષમાં 17% ઘટ્યો છે. અદાણી એન્ટરપ્રાઈઝનું માર્કેટ કેપ 2.79 લાખ કરોડ છે.

# અદાણી પોર્ટ્સનો નફો બીજા ક્વાર્ટરમાં 27% વધ્યો

## જુલાઈ-સપ્ટેમ્બરમાં ₹3,109 કરોડ રહ્યો, આવક ₹10,004 કરોડ રહી; પરિણામો પછી શેર ઘટ્યા

મુંબઈ, તા.05

અદાણી ગ્રુપની કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ)એ નાણાકીય વર્ષ 2025-26 ના બીજા ક્વાર્ટરમાં 3,109.05 કરોડનો નફો નોંધાવ્યો હતો, જે વાર્ષિક ધોરણે 27.16%નો વધારો દર્શાવે છે. ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં કંપનીનો નફો 2,445 કરોડ હતો.

જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં, કંપનીએ 9,167.46 કરોડની કામગીરીમાંથી આવક મેળવી હતી. આ વાર્ષિક ધોરણે 30%નો વધારો પણ દર્શાવે છે. જુલાઈ-સપ્ટેમ્બર 2024માં, કંપનીની ઓપરેશનલ આવક 7,067.02 કરોડ હતી. Q2FY26 માં, કંપનીએ કુલ



10,004.06 કરોડની આવક નોંધાવી હતી.

બીજા ક્વાર્ટરના પરિણામો પછી અદાણી પોર્ટ્સના શેરમાં થોડો ઘટાડો થયો, જે 0.37% ઘટીને 1,439.40 પર ટ્રેડ થઈ રહ્યો હતો. કંપનીના શેરે છેલ્લા એક મહિનામાં 2.78%, છેલ્લા 6 મહિનામાં 6.85% અને ગયા વર્ષે 6.68% રિટર્ન આપ્યું છે. કંપનીનું માર્કેટ કેપ 3.12 લાખ કરોડ છે.

# ફક્ત VIના AGR પર પુનર્વિચારની મંજૂરી : સુપ્રીમ કોર્ટે

## અન્ય ટેલિકોમ કંપનીઓ માટે આદેશ લાગુ નથી, વોડાફોન-આઈડિયા પર 83,400 કરોડનો AGR બાકી

નવી દિલ્હી, તા.05

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (AGR) બાકી રકમની ફરીથી તપાસ કરવાનો આદેશ ફક્ત વોડાફોન-આઈડિયા (VI) પર લાગુ પડે છે. આ આદેશ અન્ય ટેલિકોમ કંપનીઓને લાગુ પડશે નહીં. 27 ઓક્ટોબરના રોજ, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને VI ના એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (AGR) બાકી રકમ પર પુનર્વિચાર કરવાની મંજૂરી આપી હતી.

3 નવેમ્બરના રોજ જાહેર કરાયેલા લેખિત આદેશમાં, મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બનેલી બે જજોની બેન્ચે જણાવ્યું હતું કે, '27 ઓક્ટોબરના અમારા આદેશમાં એકમાત્ર સુધારો એ છે કે કેન્દ્ર સરકારને 2016-17 માટે વોડાફોન આઈડિયાના સમગ્ર AGR લેણાંની ફરીથી તપાસ કરવાની મંજૂરી આપવામાં આવે. બાકીનો આદેશ યથાવત રહે છે.'

વોડાફોન આઈડિયા શા માટે ફરીથી તપાસ ઈચ્છતી હતી?

કંપનીએ સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે AGR ગણતરીમાં ઘણા ઘટકો ખોટી રીતે સામેલ કરવામાં આવ્યા હતા. Vi એ વ્યાજ અને દંડ માફ કરવા અને તેની જવાબદારીમાં સુધારો કરવાની માગ કરી હતી. આ અરજીમાં, કંપનીએ 9,450 કરોડની વધારાની માંગને પણ પડકારી હતી. વોડાફોન આઈડિયા પર હાલમાં આશરે 83,400 કરોડનું AGR બાકી છે.

AGR શું છે?

AGR (એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ) એ ટેલિકોમ કંપનીઓની કમાણીનો તે ભાગ છે જેના પર સરકાર લાઈસન્સ ફી અને સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જ (SUC) વસૂલ કરે છે.

ત્રણ પ્રકરણોમાં AGR મુદ્દો શું છે તે સમજો?

આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ટેલિકોમ્યુનિકેશન વિભાગે જણાવ્યું કે નોન-ટેલિકોમ આવક (જેમ કે વ્યાજ, ડિવિડન્ડ અને સંપત્તિ વેચાણ) પણ AGR માં સમાવવામાં આવશે. જોકે, કંપનીઓએ દલીલ કરી હતી કે AGR ફક્ત મુખ્ય ટેલિકોમ આવક હોવી જોઈએ.

આના કારણે સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (COAI) એ 2005 માં TDSAT (ટેલિકોમ ડિસ્પ્યુટ્સ સેટલમેન્ટ એપેલેટ ટ્રિબ્યુનલ)માં AGR ની વ્યાખ્યાને પડકારી. અહીંથી કેસ શરૂ થયો.

ત્યારબાદ, 2015માં TDSAT (ટેલિકોમ વિવાદ સમાધાન અપીલ ટ્રિબ્યુનલ) એ ચુકાદો આપ્યો કે નોન-ટેલિકોમ આવક (મૂડી રસીદો, ભાડું, ડિવિડન્ડ, વગેરે) ને AGR માં સમાવવામાં આવશે નહીં. ટેલિકોમ વિભાગે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો.

ઓક્ટોબર 2019માં સુપ્રીમ કોર્ટે ટેલિકોમ વિભાગના AGR ફોર્મ્યુલાને સમર્થન આપતા કહ્યું કે ટેલિકોમ કંપનીઓએ છેલ્લા 14 વર્ષથી બાકી રહેલ ADUES (લગભગ 1.47 લાખ કરોડ) ચૂકવવા પડશે.

જાન્યુઆરી 2020માં સુપ્રીમ કોર્ટે AGR બાકી રકમ ચૂકવવા માટે 10 વર્ષનો સમય આપ્યો.

AGR બાકી ચૂકવવામાં સૌથી વધુ અસરગ્રસ્ત કંપનીઓમાં વોડાફોન આઈડિયા (58,254 કરોડ), ભારતી એરટેલ (43,980 કરોડ), ટાટા ટેલિકોમ (16,798 કરોડ)નો સમાવેશ થાય છે.

2021 અને 2024 વચ્ચે વોડાફોન આઈડિયાની નાણાકીય મુશ્કેલીઓ વધુ ખરાબ થઈ. VI એ ટેલિકોમ્યુનિકેશન વિભાગને ચેતવણી આપી હતી કે તે નાણાકીય વર્ષ 26 પછી સરકારી સહાય વિના કામ કરી શકશે નહીં.



# માવઠાંથી 16 હજાર ગામ અને 42 લાખ હેક્ટરના વાવેતરને નુકસાન

## સરકાર પ્રતિ ખેડૂત 125 મણ મગફળી ખરીદશે, ગત વર્ષ કરતા પ્રતિ ક્વિન્ટલ કેટલો ભાવ વધારો?



**ગાંધીનગર, તા.05**

ગુજરાતમાં કમોસમી વરસાદની અણધારી આફતને કારણે અનેક જિલ્લાઓમાં ખેડૂતોના ઉભા પાકને ભારે નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં રાજ્ય સરકારે ખેડૂતોની હિંમત બનીને તેમની આર્થિક સહાય માટે નિર્ણય લીધો છે. સરકારે ખેડૂતોના હિતમાં નિર્ણય લેતા 9 નવેમ્બરથી ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબીન સહિતના પાકની ખરીદી શરૂ કરવાની જાહેરાત કરી છે. આ ખરીદીનો કુલ 15,000 કરોડની ખરીદી કરશે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીના જણાવ્યા મુજબ, દરેક ખેડૂત પાસેથી મહત્તમ 125 મણ (2500 કિલોગ્રામ) મગફળીની ખરીદી કરવામાં આવશે.

જીતુ વાઘાણીએ જણાવ્યું કે, સર્વેનો રિપોર્ટ મુખ્યમંત્રી સમક્ષ રજૂ થઈ ચૂક્યો છે. એસડીઆરએફના ધોરણો મુજબ ખેડૂતોને સહાય ચૂકવવા માટે કેન્દ્ર સરકારને જાણ કરવામાં આવી છે અને રાજ્ય સરકારના ભંડોળમાંથી પણ સહાય ચૂકવવાની વિચારણા ચાલી રહી છે. લગભગ 42 લાખ હેક્ટરથી વધારે અને 16 હજાર ગામથી વધારે ગામોમાં નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની આગામી 9 નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રતિ ક્વિન્ટલ મગફળીમાં 480, અડદમાં 400 અને સોયાબીનમાં 436 નો ભાવવધારો કરાયો, કૃષિ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને આર્થિક નુકશાનથી બચાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ટેકાના ભાવમાં ચાલુ વર્ષે નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે મગફળીના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. 480, અડદના ભાવમાં રૂ. 400 અને સોયાબીનના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. 436 નો ભાવવધારો કરવામાં આવ્યો છે. ભાવ વધારા સાથેનો પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે.

ગુજરાતમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્યમાં કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને મગફળી મગ, અડદ અને સોયાબીન માટે 300થી વધુ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે, જ્યાંથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જરૂરિયાત જણાય તો કેન્દ્રોની સંખ્યા હજુ પણ વધારવામાં આવશે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

### ખરીફ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતાં. જે અનુસાર મગફળીનો ટેકાનો ભાવ રૂ. 7,263 પ્રતિ કિવ., મગનો ટેકાનો ભાવ રૂ. 8,768 પ્રતિ કિવ., અડદનો ટેકનો ભાવ રૂ. 7,800 પ્રતિ કિવ. અને સોયાબીનનો ટેકાનો ભાવ રૂ. 5,328 પ્રતિ કિવ. ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો.



# અટલ બ્રિજ પર 77.7 લાખ મુલાકાતીઓ આવ્યા, જેનાથી AMCને 27 કરોડની આવક

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (SRFDCL) દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, અમદાવાદમાં સાબરમતી નદી પર બનેલા અટલ બ્રિજના ઉદ્ઘાટન પછી અત્યાર સુધીમાં 77.71 લાખથી વધુ મુલાકાતીઓ આવ્યા છે, જેનાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ને ત્રણ વર્ષમાં 27.70 કરોડની આવક થઈ છે.

# સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 13થી 16 નવે. ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલ

## સ્પેન, નેધરલેન્ડ જેવા દેશોના શેફ બનાવશે ફૂડ, પુરીના જગન્નાથ મંદિરમાં આપવામાં આવતો 'ભોગ પ્રસાદ' પીરસાશે

**અમદાવાદ, તા.05**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એસએએજી (સાઉથ એશિયન એસોસિયેશન ફોર ગેસ્ટ્રોનોમી)ના સહયોગથી સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે 13 નવેમ્બરથી 16 નવેમ્બર 2025 દરમિયાન ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલ 'ફૂડ ફોર થોટ ફેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે. ફૂડ ફોર થોટ ફેસ્ટ અવનવી વાનગીઓના શોખીનો અને મનોરંજન પ્રેમીઓની આનંદ મળી રહે તેવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ વર્ષના ફેસ્ટિવલમાં ભારત ઉપરાંત નેપાળ, સ્પેન, નેધરલેન્ડ જેવા દેશોના શેફ પણ ભાગ લેશે. આ આંતરરાષ્ટ્રીય ફૂડ ફેસ્ટિવલમાં જાણીતા ફૂડ ક્રિટિક



અને લેખિકા રશ્મિ ઉદય સિંઘ, સુપ્રસિદ્ધ શેફ અભિજિત સાહા અને ગૌતમ મહર્ષિ, નેપાળની લેખિકા રોહિણી રાણા, પદ્મશ્રી ડૉ.પુષ્પેશ પંત ઉપસ્થિત રહેશે. આ ફૂડ ફેસ્ટિવલમાં સાઉથ એશિયાના માસ્ટર શેફ્સ દ્વારા લાઈવ કૂકિંગ વર્કશોપ્સ અને ફૂડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલને લઈ 'અ ટેસ્ટ ઓફ લક્ઝરી' અને 'ધ રિજનલ ફ્લેવર' એમ બે પ્રકારની થીમ પર ફૂડ કોર્ટ તૈયાર કરવામાં આવ્યા છે. જેમા લક્ઝરી હોટેલ્સ દ્વારા પોતાની શ્રેષ્ઠ વાનગીઓ પીરસવામાં આવશે, જ્યારે ધ રિજનલ ફ્લેવરમાં વિવિધ રિજનલ ફ્લેવરર્સ ફૂડને સ્ટ્રીટ ફૂડ શૈલીમાં રજૂ કરવામાં આવશે. આ ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલમાં ત્રણ અનોખા પેવિલિયન્સ પણ તૈયાર કરવામાં આવશે.

# સ્વામિનારાયણ સંતના નામે 10,000 ડોલર આપવાનું કઈ 4.50 લાખની ઠગાઈ

## વોટ્સએપમાં મેસેજ કરી 200 ડોલરનો રૂ.10,000 ભાવ નક્કી કર્યો, ઉપર નીચે 100ની નોટ અને વચ્ચે 1-1 ડોલર મૂકી દેતા

**વડોદરા, તા.05**

નવસારી જિલ્લાના વાંસદાના યુવકને અમેરિકન ડોલર વેચવાના નામે ઠગાઈ કરનાર 3 આરોપીઓને નંદેસરી પોલીસે ઝડપી પાડ્યા છે. નવસારીના જાગૃત નાગરિકે વડોદરાના સાંકરદા ગામ પાસે નંદેસરી પોલીસની મદદથી આરોપીઓને ફસાવ્યા હતા. જ્યારે આરોપીઓ ભાગતા હતા ત્યારે બે આરોપીનો અકસ્માત થયો હતો અને બંનેને ઈજાઓ થઈ હતી. જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલે નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં રહેતો 23 વર્ષીય યુવક મહેશ (નામ બદલ્યું છે) વર્ષ 2021થી લોન કન્સલ્ટન્સીનો વ્યવસાય કરે છે. તેઓએ ફરિયાદમાં જણાવ્યું છે કે, 1 ફેબ્રુઆરી 2025ના રોજ તેની ઓફિસના મોબાઈલ પર વોટ્સએપમાં 'જય સ્વામિનારાયણ'નો મેસેજ આવ્યો હતો. ત્યાર બાદ, અમેરિકન ડોલર વેચવા માટેની વાતચીત થઈ હતી. આરોપીઓએ ડોલરના ફોટા મોકલ્યા હતા અને 200 ડોલર માટે 10,000 રૂપિયાનો ભાવ નક્કી કર્યો હતો.



મહેશ અને તેનો મિત્ર તારાપુર ચોકડી પાસે પીપળાવ ગામના સ્વામિનારાયણ મંદિર પાસે પહોંચ્યા હતા. જ્યાં આરોપીના માણસે તેમને 100 ડોલરની બે નોટ આપી અને 10 હજાર રૂપિયા લીધા હતા. પાછા ફરીને નોટ ચેક કરાવતા તે અસલી નીકળી હતી, ત્યાર બાદ 13 ફેબ્રુઆરી 2025ના રોજ ફરી વાતચીત થઈ હતી. આ વખતે 10 હજાર ડોલર માટે 4,50,000 રૂપિયા નક્કી થયા હતા. મહેશ અને તેના મિત્રો પીપળાવ ગામ પાસે સેફરોન પ્લોટિંગ સોસાયટીમાં પહોંચ્યા હતા. આરોપીએ કાળા પ્લાસ્ટિકના ઝબલામાં ડોલર આપ્યા અને રૂપિયા લઈને ઝાડીમાં ભાગી ગયો હતો. તપાસ કરતા ઉપરની નોટ 100 ડોલરની હતી, પરંતુ અંદરની બધી નોટો 1 ડોલરની નીકળી હતી. જેથી છેતરપિંડીની અરજી સોજિત્રા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. 28 ઓક્ટોબરના રોજ બપોરે 1 વાગ્યે મહેશના મોબાઈલ નંબર પર ફરી 'જય સ્વામિનારાયણ' અને ડોલરના ફોટાનો મેસેજ આવ્યો હતો. મહેશને ફેબ્રુઆરીની ઘટના જેવી જ પદ્ધતિ લાગી હતી. આરોપીઓએ પોતાને સ્વામિનારાયણના સંત તરીકે રજૂ કર્યા હતા અને એમનું મંદિર દાહોદ-ગોધરા એમપી બોર્ડર પર હોવાનું જણાવ્યું હતું.

મહેશે આરોપીઓને પકડાવવા માટે વાતચીત ચાલુ રાખી હતી. 200 ડોલર (100 ડોલરની બે નોટ) માટે 10 હજાર રૂપિયા નક્કી થયા હતા. આરોપીઓએ વડોદરા પાસે સાંકરદા ગામમાં બોલાવ્યા હતા. મહેશ અને મિત્ર સાથે ત્યાં પહોંચ્યા હતા અને આ વિસ્તારને નંદેસરી પોલીસ સ્ટેશનની હદમાં હોવાથી પોલીસને જાણ કરી હતી.

નંદેસરી પોલીસ સ્ટેશનના પોલીસકર્મી ગજેન્દ્રસિંહ અને અન્ય સ્ટાફ મહેશ સાથે કારમાં બેસીને ગયા હતા. સાંકરદા બ્રિજ નીચે વૈશાલી હોટલ સામે ઉભા રહીને વોટ્સએપ કોલ કર્યો હતો. આરોપીઓએ થોડી વાર રાહ જોવાનું કહ્યું હતું, એ સમયે એક અલ્ટો ગાડી પસાર થઈ હતી અને તેમાંથી એક વ્યક્તિએ તેમની તરફ જોતા મહેશને શંકા ગઈ હતી, ત્યાર બાદ આરોપીએ ફોન કરીને બ્રિજથી આગળ સાંકરદા ગામ તરફ આવવા જણાવ્યું હતું.

# કોંગ્રેસના નેતાઓ ખેડૂતોની વેદના જાણવા ખેતર સુધી જશે

## આજથી ખેડૂત આક્રોશ યાત્રાનો ગીર સોમનાથથી પ્રારંભ, સૌરાષ્ટ્રના 11 જિલ્લામાં ફરી દ્વારકામાં સમાપન



**અમદાવાદ, તા.05**

કમોસમી વરસાદે ગુજરાતના ખેડૂતોને રાતા પાણીએ રોવડાવ્યા છે. ખેડૂતોને થયેલા ભારે નુકસાનને પગલે રાજ્ય સરકારે પણ તાબડતોડ સરવે કરી સહાય પેકેજ જાહેર કરવાની તૈયારી કરી લીધી છે. એક તરફ AAPની સક્રિયતા ને બીજી તરફ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ત્યારે હવે કોંગ્રેસ પણ ખેડૂત આક્રોશ યાત્રા કાઢી રહી છે.

આજથી ગીર સોમનાથી કોંગ્રેસ અમિત ચાવડાની આગેવાનીમાં ખેડૂત આક્રોશ યાત્રા શરૂ કરવા જઈ રહી છે. આ યાત્રાનું ગીર સોમનાથથી જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, પોરબંદર થઈ દ્વારકામાં સમાપન થશે.

સૌરાષ્ટ્રના 11 જિલ્લામાં આ યાત્રા ફરશે. તેને લઈને પ્રદેશ નેતાઓને જવાબદારી પણ સોંપી દેવાઈ છે. આ યાત્રા દરમિયાન કોંગ્રેસના નેતાઓ ખેડૂતોની વેદના જાણવા ખેતર સુધી જશે અને નાની-મોટી સભાઓ કરી ખેડૂતોના પ્રશ્નો ઉઠાવશે. ખેડૂત હિતની વિવિધ માંગણીઓ પણ કોંગ્રેસે સરકાર પાસે કરી છે.

**સૌરાષ્ટ્રમાં પકડ મજબૂત કરવા કોંગ્રેસ પણ મેદાને**

છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટી સક્રિય થઈ છે. ખેડૂતોના મુદ્દે સરકારને ઘેરવા અને ખેડૂતોને કઈ રીતે આમ આદમી પાર્ટી તરફ ખેંચી શકાય તે માટેના પાર્ટી પ્રયાસ કરી રહી છે. જેથી હવે સૌરાષ્ટ્રમાં પકડ મજબૂત કરવા માટે કોંગ્રેસ પણ મેદાને ઉતરી છે. થોડા દિવસ પહેલા કોંગ્રેસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રચારના શ્રીગણેશ પણ સૌરાષ્ટ્રથી કર્યા હતા. ત્યાં હવે સૌરાષ્ટ્રમાં જ ખેડૂત આક્રોશ યાત્રા યોજી રહી છે.

# પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી રસોડામાં દાટી દીધો

**અમદાવાદ, તા.05**

આજથી દોઢ વર્ષ પહેલાં 'દૃશ્યમ' ફિલ્મ જેવી જ એક ઘટના અમદાવાદમાં બની હતી. પત્નીએ પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરી લાશ રસોડામાં દાડી દઈને બીજા દિવસે સિમેન્ટનું ફ્લોરિંગ કરી દીધું હતું. જ્યારે ફતેવાડી વિસ્તારમાં આવેલા અહેમદી રો હાઉસમાંથી એક પુરુષનું હાડપિંજર મળ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચની તપાસ કરતાં સામે આવ્યું કે મૃતક સમીર બિહારીની પત્નીએ જ તેના પ્રેમી અને અન્ય લોકો સાથે મળીને હત્યા કરી હતી.

DCP અજિત રાજીયને જણાવ્યું હતું કે, ફતેવાડી વિસ્તારમાં રહેતી રૂબી નામની મહિલાએ તેના પ્રેમી ઈમરાન અને અન્ય બે મિત્રો સાથે મળીને પતિ સમીર બિહારીની હત્યા કરી લાશને રસોડામાં ખાડો ખોદી અંદર ચણી દીધી હતી. પોલીસે બાતમીના આધારે ઈમરાનની ધરપકડ કરીને ફતેવાડી ખાતેના ઘરે જઈને ખોદકામ કરાવતા મૃતદેહના અવશેષો મળી આવ્યા હતા. ઈમરાનની પૂછપરછમાં સામે આવ્યું કે, રૂબી સાથે તેના બે વર્ષથી સંબંધ હતા અને સમીર સાથે ઝઘડા થતા હોવાથી રૂબીના કહેવાથી ઈમરાને મિત્રો સાથે મળીને સમીરના હાથ-પગ પકડી ગળું કાપી હત્યા કરી હતી. હત્યા બાદ લાશના ટુકડા કરીને તેને રસોડામાં ચણી દેવાયા હતા.

# 30 IPS સાથે હર્ષ સંઘવી ભારત-પાક સરહદના ગામોની મુલાકાત લેશે

## લોકો સાથે ખાટલા સભા યોજી વિસ્તારોની સમીક્ષા કરશે, સર્કિટ હાઉસ કે હોટલને બદલે દેશી ભૂંગામાં રોકાશે

**અમદાવાદ, તા.05**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાની હેઠળ 30 સિનિયર IPS અધિકારીઓની ટીમ આવતીકાલથી ભારત-પાકિસ્તાન સરહદ પરના અલગ-અલગ ગામડાઓની મુલાકાત માટે જઈ રહી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સીમાવર્તી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવાનો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે તા.6 નવેમ્બરના રોજ સવારે ભુજ સર્કિટ હાઉસ પહોંચશે, જ્યાંથી તેમના આ કાર્યક્રમનો વિધિવત



પ્રારંભ થશે.

આ મુલાકાત દરમિયાન સીમાવર્તી ગામોના સરપંચો અને ગ્રામજનો સાથે મુલાકાત, રાત્રી ખાટલા સભા અને સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સમગ્ર ટીમ ખાસ કરીને ગામડાઓની મહિલાઓ અને યુવાઓ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ અને પડકારોને નજીકથી જાણવાનો પ્રયાસ કરશે.

આ મુલાકાતનો હેતુ સીમાવર્તી ગામોની સર્વગ્રાહી સમીક્ષા કરવાનો છે. જેમાં મુખ્યત્વે આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, સ્વચ્છતા અને સુરક્ષા સહિતના વિવિધ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવશે.

સરહદી સુરક્ષાના વિષયો જેવા કે એન્ટીનેશનલ એક્ટિવિટીઝ અને બોર્ડર પેટ્રોલિંગ ઓપરેશન અંગે BSF અધિકારીઓ સાથે ખાસ બેઠકનું આયોજન કરાયું છે. સાથે જ BSF જવાનો સાથે પણ સંવાદ કરવામાં આવશે, જેથી સરહદની સુરક્ષાની સ્થિતિનો તાગ મેળવી શકાય.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

ચેનલ લાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599